સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS


WEEK 15 (10/04/22 to 16/04/22)

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

## ગુજરાતનો સાંસ્કૃતિક વારસો

- એડવાન્સ લેવલનું પરીક્ષાલક્ષી પુસ્તક જેમાં તમામ સરકારી પુસ્તકોનો અર્ક રૂપે સમાવેશ
- ગુજરાત અંગેની વિશેષ માહિતી અને તથ્યોનું વિશદ-પરિપૂર્ણ સંકલન
- સ્પર્ધાત્મક પરીક્ષામાં પૂછાતા પ્રશ્નોને ધ્યાનમાં રાખીને રજૂ થયેલો ગુજરાતના સાંસ્કૃતિક વારસાનો તદ્દન સરળ અભ્યાસ




ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN OUR WHATSAPP GROUP joinicerajkot.com

JOIN OUR TELEGRAM t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.



CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

## 10 APR-2022


- દિવસ મહિમા : 10 એપ્રિલ, એપ્રિલ વિશ્વ હોમિયોપેથી દિવસ, ચૈત્ર સુદ નોમ રામનવમી (ભગવાન શ્રી રામ જન્મદિન) શ્રી સ્વામીનારાયણ જન્મજયંતિ, (ભગવાન શ્રી સ્વામીનારાયણ જન્મદિન) ........ 02
- અદ્યતન પિનાકા MK-1 રોકેટ સિસ્ટમ ........ 02
- QUESTION ANSWERS ........ 04


## 11 APR-2022


- દિવસ મહિમા : 11 એપ્રિલ, રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ, વિશ્વ પાર્કિન્સન્સ દિવસ ........ 05
- મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ : ગુજરાત ........ 06
- સંગીત નાટક અકાદમી અને લલિત કલા અકાદમી પુરસ્કારો ........ 07
- QUESTION ANSWERS ........ 09


## 12 APR-2022


- દિવસ મહિમા : 12 એપ્રિલ, વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ (અથવા તો International Day of Human Space Flight) ........ 10
- ભારતના દરિયાકાંઠાનું ધોવાણ ........ 10
- ગુજરાતનું ગૌરવ : UPSCના નવા ચેરમેન તરીકે ડો. મનોજ સોનીની નિમણૂક ........ 12
- માધવપુર (ઘેડ)નો મેળો ........ 14
- QUESTION ANSWERS ........ 15


## 13 APR-2022


- જલિયાવાલા બાગ હત્યાકાંડની 103મી વર્ષગાંઠ ........ 16
- શ્રી હર્ષવર્ધન શ્રિંગલાને ભારતના મુખ્ય G20 સંયોજક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ........ 17
- રાજ્ય ઊર્જા અને આબોહવા સૂચકાંક (State Energy and Climate Index-SECI) ........ 19
- QUESTION ANSWERS ........ 21


## 14 APR-2022


- દિવસ મહિમા : 14 એપ્રિલ, સમરસતા દિવસ (ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ), રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન ........ 22
- હેલિના : એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ ........ 26
- ચોથો ભારત-યુએસ 2+2 સંવાદ ........ 28
- QUESTION ANSWERS ........ 29


## 15 APR-2022


- દિવસ મહિમા : 15 એપ્રિલ, વિશ્વ સંસ્કૃતિ દિવસ અથવા વૈશ્વિક સંસ્કૃતિ દિવસ, વિશ્વ કલા દિવસ (World Art Day) ........ 31
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પ્રધાનમંત્રી સંગ્રહાલય'નું ઉદ્‌ઘાટન કર્યું ........ 31
- યુક્રેનની નેપ્ચ્યુન ક્રૂઝ મિસાઈલ (Neptune Cruise Missile) ........ 31
- QUESTION ANSWERS ........ 33


## 16 APR-2022


- દિવસ મહિમા : 16 એપ્રિલ, વિશ્વ અવાજ દિવસ, ચૈત્ર સુદ પૂનમ, શ્રી હનુમાન જયંતિ ........ 34
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મોરબીમાં હનુમાનજી મહારાજની 108 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કર્યું ........ 34
- e-DAR પોર્ટલ ........ 34
- QUESTION ANSWERS ........ 36

ONE LINER ........ 37

QUESTION OF THIS WEEK ........ 41


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 10 એપ્રિલ, વિશ્વ હોમિયોપેથી દિવસ**

**ચૈત્ર સુદ નોમ, (1) રામનવમી (ભગવાન શ્રી રામ જન્મદિન)**

**(2) શ્રી સ્વામીનારાયણ જન્મજયંતિ**

**(ભગવાન શ્રી સ્વામીનારાયણ જન્મદિન)**

## વિશ્વ હોમિયોપેથી દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 10 એપ્રિલના રોજ 'વિશ્વ હોમિયોપેથી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- જર્મનીના ડો. ક્રિશ્ચિયન ફ્રેડરિક સેમ્યુઅલ હાનેમને 1796માં હોમિયોપેથી નામની નવી ચિકિત્સા પદ્ધતિ વિકસાવી હતી.
- આથી, તેમની યાદમાં તેમનો જન્મદિન 10 એપ્રિલ 'વિશ્વ હોમિયોપેથી દિવસ' તરીકે ઉજવાય છે.

**નોંધ :** ડો. ક્રિશ્ચિયન ફ્રેડરિક સેમ્યુઅલ હાનેમનનો જન્મ 10 એપ્રિલ, 1755ના રોજ જર્મનીમાં થયો હતો.

## અદ્યતન પિનાકા MK-1 રોકેટ સિસ્ટમ



તાજેતરમાં DRDO દ્વારા 'અદ્યતન પિનાકા MK-I રોકેટ સિસ્ટમ' (EPRS)નું રાજસ્થાનના પોખરણ રેન્જમાં સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

- આ ઉપરાંત આ પરીક્ષણના સમાન સેટના ભાગરૂપે 'એરિયા ડેનિયલ મુનિશન' (ADM)નું પણ સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- પિનાકા 'એરિયા ડેનિયલ મુનિશન' (ADM) એ દારૂગોળાની એક શ્રેણી છે જેનો ઉપયોગ દુશ્મનને કોઈ ચોક્કસ વિસ્તાર પર કબજો કરતા અથવા પસાર થતા અટકાવવા માટે થાય છે.

### EPRS શું છે ?

'અદ્યતન પિનાકા MK-1 રોકેટ સિસ્ટમ' (Enhanced Pinaka MK-1 Rocket System-EPRS) એ પિનાકા સંસ્કરણનું સુધારેલું અદ્યતન સંસ્કરણ છે.

- જે છેલ્લા એક દાયકાથી ભારતીય સેનાની સેવામાં કાર્યરત છે.
- તેની ડિઝાઈન અને વિકાસ DRDOએ પુણે સ્થિત તેમની પ્રયોગશાળાઓ – 'આર્મમેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ' (ARDE) અને 'હાઈ એનર્જી મટીરિયલ્સ રિસર્ચ લેબોરેટરી' (HEMRL) દ્વારા કરવામાં આવ્યો છે.
- MK1 અથવા Mark-1ની આ અદ્યતન સિસ્ટમની નવી ટ્રાયલ 45 કિ.મી. સુધીની રેન્જ હાંસલ કરી શકે છે. જે ભારતીય સેના માટે એક મોટી સિદ્ધિ છે.
- આ સિસ્ટમને નવી ટેકનોલોજી સાથે ઊભરતી આવશ્યકતાઓ ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી છે.

## પિનાકા મિસાઈલ

પિનાકા એક મલ્ટિ–બેરલ રોકેટ–લોન્ચર (MBRL) સિસ્ટમ છે, જેનું નામ ભગવાન શિવના ધનુષના નામ પરથી રાખવામાં આવ્યું છે.

- તેને પૂણે સ્થિત ARDE અને હાઈ એનર્જી મટીરિયલ્સ રિસર્ચ લેબોરેટરી (HEMRL) દ્વારા વિકસાવવામાં આવી છે.
- DRDO દ્વારા 1980ના દાયકાના અંતમાં 'પિનાકા' મલ્ટી–બેરલ રોકેટ સિસ્ટમના વિકાસની શરૂઆત કરવામાં આવી હતી.
- તેને રશિયાની 'મલ્ટી બેરલ રોકેટ લોન્ચર' સિસ્ટમ (જેને ગ્રેડ' તરીકે પણ ઓળખવામાં આવે છે) ના વિકલ્પ તરીકે વિકસાવવામાં આવી હતી.
- 1990ના દાયકાના અંતમાં પિનાકા માર્ક-1ના સફળ પરીક્ષણો પછી 1999ના કારગીલ યુદ્ધ દરમિયાન પ્રથમ વખત યુદ્ધના મેદાનમાં તેનો સફળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- આ સિસ્ટમની વિશેષતા એ છે કે તે 44 સેકન્ડના સમયગાળામાં 12 રોકેટના એક સેલ્વો ફાયર (Salvo Fire) કરવામાં સક્ષમ છે.



**1.** ભારતમાં રામનવમી તથા શ્રી સ્વામીનારાયણ જયંતિ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) ચૈત્ર સુદ નોમ (B) ચૈત્ર વદ નોમ

(C) વૈશાખ સુદ નોમ (D) વૈશાખ વદ નોમ **(A)**

---

**2.** 'વિશ્વ હોમિયોપેથી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 એપ્રિલ (B) 9 એપ્રિલ

(C) 10 એપ્રિલ (D) 11 એપ્રિલ **(C)**

---

**3.** હોમિયોપેથી નામની નવી ચિકિત્સા પદ્ધતિની શોધ કોણે કરી હતી ?

(A) સેમ્યુઅલ હાનેમન (B) જ્યોર્જ બર્નાર્ડ

(C) સેમ્યુઅલ જોન્સ (D) જ્યોર્જ વ્હીલર **(A)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

---

**4.** તાજેતરમાં DRDOએ 'અદ્યતન પિનાકા MK-I રોકેટ સિસ્ટમ' (Enhanced Pinaka MK-I Rocket System-EPRS)નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. રાજસ્થાનના પોખરણ રેન્જ ખાતેથી તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
2. તે પિનાકા સંસ્કરણનું સુધારેલું અદ્યતન સંસ્કરણ છે.
3. તેની ડિઝાઈન અને વિકાસ DRDOની પૂણે સ્થિત પ્રયોગશાળાઓ ARDE અને HEMRL દ્વારા કરવામાં આવી છે.
4. તેમની રેન્જ 44 કિ.મી સુધીની છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3, અને 4 **(D)**

દિવસ મહિમા : 11 એપ્રિલ, (1) રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ
(2) વિશ્વ પાર્કિન્સન્સ દિવસ
(World Parkinson's Day)

## રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ

ભારતમાં દર વર્ષે 11 એપ્રિલના રોજ 'રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- આ દિવસની ઉજવણી કરનાર ભારત વિશ્વનો પ્રથમ દેશ છે.
- ભારતમાં પ્રસૂતિ દરમિયાન માતૃ મૃત્યુદરમાં ઘટાડો કરવા માટે જાગૃતિ ફેલાવવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં કસ્તૂરબાની યાદમાં તેમનો જન્મદિન 11 એપ્રિલ 'રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતમાં આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2003થી થયો હતો.

નોંધ : કસ્તૂરબાનો જન્મ 11 એપ્રિલ, 1869ના રોજ ગુજરાતના પોરબંદર ખાતે થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ પાર્કિન્સન્સ દિવસ

પાર્કિન્સન્સ નામની બિમારી અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં દર વર્ષે 11 એપ્રિલના રોજ 'વિશ્વ પાર્કિન્સન્સ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- પાર્કિન્સન્સ એ શરીરના સંતુલન સંબંધિત ગંભીર બિમારી છે.
- જોકે, આ બિમારીના કારણો વિશે હજી સુધી ચોક્કસ માહિતી ઉપલબ્ધ થઈ શકી નથી.
- ડો. જેમ્સ પાર્કિન્સન નામના વ્યક્તિએ સૌપ્રથમ 1817માં આ બિમારીના લક્ષણોની શોધ કરી હતી.
- આથી, તેની યાદમાં ડો. જેમ્સ પાર્કિન્સનનો જન્મદિન 11 એપ્રિલ 'વિશ્વ પાર્કિન્સન્સ દિવસ' તરીકે ઉજવાય છે.

નોંધ : ડો. જેમ્સ પાર્કિન્સનનો જન્મ 11 એપ્રિલ, 1755ના રોજ બ્રિટનમાં લંડનના શોરેડિચ ખાતે થયો હતો.

# મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ : ગુજરાત

એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક (AIIB) અને વિશ્વ બેન્ક ગુજરાતમાં 'મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ' માટે રૂ. 7,500 કરોડની લોન આપશે.



- સ્કૂલ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટની માહિતી એકઠી કરવા અને અભ્યાસ કરવા માટે વિશ્વ બેંકના એક પ્રતિનિધિ મંડળે ગાંધીનગરની મુલાકાત લીધી હતી.
- આ પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ બેંકના ગ્લોબલ એજ્યુકેશનના ડિરેક્ટર શ્રી જૈમે સાવેફાએ કર્યુ હતું.
- પ્રતિનિધિ મંડળે રાજ્યના શિક્ષણ વિભાગના કમાન્ડ એન્ડ કંન્ટ્રોલ સેન્ટરની પણ મુલાકાત લીધી હતી.
- કમાન્ડ એન્ડ કંન્ટ્રોલ સેન્ટર તાજેતરમાં શરૂ કરવામાં આવ્યું હતુ અને તે ઈન્ટરેક્ટિવ પ્લેટફોર્મ છે.
- જેનો ઉપયોગ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણની ગુણવત્તા અને શિક્ષકો અને વિદ્યાર્થીઓની હાજરી પર નજર રાખવા માટે કરવામાં આવે છે.
- આ કેન્દ્ર દ્વારા શાળાઓને ઈ–લર્નિંગ પ્રોજેક્ટ પણ પૂરા પાડવામાં આવે છે.

## મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ

આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય રાજ્યમાં શિક્ષણની ગુણવત્તા સુધારવાનો છે.

- મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ હેઠળ ગુજરાત સરકાર આગામી પાંચ વર્ષમાં રૂ. 10,000 કરોડ ખર્ચવાની યોજના ધરાવે છે.
- રાજ્યની તમામ 5,847 ગ્રાન્ટ–ઈન–એઈડ (સહાયિતશાળા) અને 35,133 સરકારી શાળાઓને આ મિશન હેઠળ આવરી લેવામાં આવશે.
- આ ઉપરાંત દ્વિભાષી શિક્ષણ પદ્ધતિને પણ મહત્ત્વ આપવામાં આવશે.
- આ ભંડોળ રાજ્યભરની 41,000 સરકારી અને સહાયિત શાળાઓમાં નવા વર્ગખંડો, 1.5 લાખ સ્માર્ટ વર્ગખંડો, 2000 નવી કમ્પ્યુટર લેબ અને 5000 ટિંકરિંગ લેબ બનાવવા માટે ખર્ચવામાં આવશે.
- એક અંદાજ મુજબ આગામી પાંચ વર્ષમાં લગભગ એક કરોડ શાળાના વિદ્યાર્થીઓને આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનો સીધો ફાયદો થશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સંગીત નાટક અકાદમી અને લલિત કલા અકાદમી પુરસ્કારો

ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુએ વર્ષ 2018 માટે સંગીત નાટક પુરસ્કાર અને સંગીત નાટક અકાદમી ફેલોશિપથી 43 પ્રસિદ્ધ કલાકારો (4 ફેલો અને 40 પુરસ્કારો)નું સન્માન કર્યું છે.

- આ ઉપરાંત વર્ષ 2021 માટે લલિત કલા અકાદમીની ફેલોશિપ અને રાષ્ટ્રીય પુરસ્કાર પણ તેમના દ્વારા 23 વ્યક્તિઓને (3 ફેલો(સાથી) અને 20 રાષ્ટ્રીય પુરસ્કારો) એનાયત કરવામાં આવ્યા હતા.

### સંગીત નાટક અકાદમી ફેલોશિપ (અકાદમી રત્ન) અને પુરસ્કારો

#### સંગીત નાટક અકાદમી ફેલોશિપ

સંગીત નાટક અકાદમી એ રાષ્ટ્રીયતા, જાતિ, ધર્મ, સંપ્રદાયક અથવા લિંગના ભેદ વિના સંગીત અકાદમી દ્વારા આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે.

- અકાદમીની ફેલોશિપ એ સૌથી પ્રતિષ્ઠિત અને દુર્લભ સન્માન છે, જે એક સમયે વધુમાં વધુ 40 લોકોને એનાયત કરી શકાય છે.
- અકાદમી ફેલોના સન્માનમાં તામ્રપત્ર અને અંગમવસ્ત્રમ સાથે રૂ. 3,00,000ના રોકડ પુરસ્કારનો સમાવેશ થાય છે.

નોંધ : વર્ષ 2018 માટે સંગીત નાટક અકાદમી ફેલોશિપ મેળવનારમાં સુશ્રી સોનલ માનસિંહ, શ્રી જતીન ગોસ્વામી, શ્રી ઝાકીર હુસેન અને શ્રી તિરુવિદાઈમરુદર કુટપીય કલ્યાણસુંદરમનો સમાવેશ થાય છે.

#### સંગીત નાટક અકાદમી એવોર્ડ

સંગીત, નૃત્ય, થિયેટર, પરંપરાગત / લોક / આદિવાસી સંગીત / નૃત્ય / થિયેટર(રંગભૂમિ), કઠપૂતળી અને પર્ફોર્મિંગ આર્ટ્સ વગેરેમાં એકંદર યોગદાન બદલ આ એવોર્ડ આપવામાં આવે છે.

#### લલિત કલા અકાદમી પુરસ્કાર

રાષ્ટ્રીય લલિત કલા અકાદમી પુરસ્કાર કલાના ક્ષેત્રમાં તેમના ઉત્કૃષ્ટ કાર્ય માટે વ્યક્તિઓને સન્માનિત કરવા માટે આપવામાં આવે છે.

- એવોર્ડ મેળવનારાઓની પસંદગી એકેડેમી દ્વારા નામાંકિત જજો/નિર્ણાયકોની પ્રતિષ્ઠિત પેનલ દ્વારા કરવામાં આવે છે.

નોંધ : વર્ષ 2021 માટે લલિત કલા અકાદમીના ફેલો મેળવનારમાં જ્યોતિ ભટ્ટ, હિંમત શાહ અને શ્યામ શર્માનો સમાવેશ થાય છે.

## સંગીત નાટક અકાદમી શું છે ?

સંગીત નાટક અકાદમી એ સંગીત, નૃત્ય અને નાટક માટેની ભારતની રાષ્ટ્રીય અકાદમી છે.

- વર્ષ 1952માં ભારત સરકારના (તત્કાલીન) શિક્ષણ મંત્રાલયના ઠરાવ દ્વારા ડો. પી. વી. રાજમન્નારને તેના પ્રથમ અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- તે હાલમાં ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલયની એક સ્વાયત્ત સંસ્થા છે અને તેની યોજનાઓ અને કાર્યક્રમોના અમલીકરણ માટે સરકાર દ્વારા સંપૂર્ણ ભંડોળ પૂરું પાડવામાં આવે છે.
- અકાદમી પ્રદર્શનકલા અથવા એકેડેમી પર્ફોમિંગ આર્ટ્સના ક્ષેત્રમાં રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થાઓ અને પ્રોજેક્ટસની સ્થાપના કરે છે અને તેનું ધ્યાન રાખે છે. તેમાની કેટલીક મહત્વપૂર્ણ આ મુજબ છે :

(a) નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા, નવી દિલ્હી (સ્થાપના 1959)

(b) જવાહરલાલ નહેરુ મણિપુર ડાન્સ એકેડેમી, ઈમ્ફાલ (સ્થાપના 1954)

(c) કથક કેન્દ્ર (કથક નૃત્યની રાષ્ટ્રીય સંસ્થા), નવી દિલ્હી (સ્થાપના 1964)

(d) કુતિયાટ્ટમ (કેરળનું સંસ્કૃત થિયેટર), પૂર્વીય ભારતનું છાઉ નૃત્ય, આસામની સત્રિયા પરંપરા વગેરેને સમર્થન આપવા માટેના રાષ્ટ્રીય પ્રોજેક્ટ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લલિત કલા અકાદમી શું છે ?

આ અકાદમીનું ઉદ્દઘાટન 5 ઓગસ્ટ, 1954ના રોજ તત્કાલીન માનનીય શિક્ષણ મંત્રી શ્રી મૌલાના અબુલ કલામ આઝાદ દ્વારા કરવામાં આવ્યું હતું.

- અકાદમીને સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ, 1860 હેઠળ વર્ષ 1957માં વૈદ્યાનિક સત્તાઓ આપવામાં આવી હતી.
- તેની શરૂઆતથી તે ભારતીય કલાકારોના સર્જનાત્મક પ્રયાસોને પ્રોત્સાહન આપીને અને તેમની કળાને મોટી સંખ્યામાં લોકો માટે સુલભ બનાવીને સમગ્ર રાષ્ટ્રની સેવા કરી રહી છે.
- આમ સમગ્ર સંસ્કૃતિની સંવેદનશીલતાને વ્યાખ્યાયિત અને પુનઃ વ્યાખ્યાયિત કરી રહી છે. જે દૃશ્ય કલાના કાર્યક્ષેત્રમાં આવે છે.
- તેનું મુખ્ય મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

1. 'રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ' તરીકે ભારતમાં કયો દિવસ ઉજવાય છે ?
(A) 10 એપ્રિલ (B) 11 એપ્રિલ
(C) 12 એપ્રિલ (D) 13 એપ્રિલ **(B)**

2. ભારતમાં કોનો જન્મદિન 'રાષ્ટ્રીય સુરક્ષિત માતૃત્વ દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) કસ્તુરબા (B) સુશ્રી સરોજિની નાયડુ
(C) શ્રીમતી ઈન્દિરા ગાંધી (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(A)**

3. 'વિશ્વ પાર્કિન્સન્સ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 10 એપ્રિલ (B) 11 એપ્રિલ
(C) 12 એપ્રિલ (D) 13 એપ્રિલ **(B)**

4. 'એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક' (AIIB) અને 'વિશ્વ બેન્ક' કયા રાજ્યના 'મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ' માટે રૂ. 7,500 કરોડની લોન આપશે ?
(A) રાજસ્થાન (B) મધ્યપ્રદેશ
(C) ઉત્તરપ્રદેશ (D) ગુજરાત **(D)**

5. તાજેતરમાં ઉપરાષ્ટ્રપતિશ્રી એમ. વેંકૈયા નાયડુએ વર્ષ 2018 માટે સંગીત નાટક અકાદમી પુરસ્કાર અને સંગીત નાટક અકાદમી ફેલોશિપથી કેટલા પ્રસિદ્ધ કલાકારોનું સન્માન કર્યુ છે ?
(A) 43 (4 ફેલો અને 40 પુરસ્કાર) (B) 28 (4 ફેલો અને 24 પુરસ્કાર)
(C) 36 (4 ફેલો અને 32 પુરસ્કાર) (D) 40 (4 ફેલો અને 36 પુરસ્કાર) **(A)**

6. તાજેતરમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ દ્વારા 2021 માટે લલિત કલા અકાદમીની ફેલોશિપ અને રાષ્ટ્રીય પુરસ્કાર દ્વારા ............... વ્યક્તિઓને એનાયત કરવામાં આવ્યા છે.
(A) 18 (B) 23
(C) 27 (D) 33 **(B)**

7. નીચેના વિધાન ધ્યાનમાં લો :
1. સંગીત નાટક અકાદમી દ્વારા વર્ષ 1959માં નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાની સ્થાપના કરવામાં આવી હતી.
2. લલિત કલા અકાદમીનું મુખ્ય મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
ઉપરોક્તમાંથી કયું/કયા વિધાન સાચા છે.
(A) ફક્ત 1 (B) ફક્ત 2
(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 12 એપ્રિલ, વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ (અથવા તો International Day of Human Space Flight)**

## ભારતના દરિયાકાંઠાનું ધોવાણ



તાજેતરમાં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા લોકસભાને માહિતી આપવામાં આવી હતી કે મુખ્ય ભૂમિના 6,907.18 કિ.મી લાંબા ભારતીય દરિયાકાંઠાના મહત્ત્વના વિસ્તારો પૈકી એક મહત્વપૂર્ણ ક્ષેત્ર તટીય ધોવાણ (Coastal Erosion)ની સ્થિતિમાં છે.

- ભારતીય દરિયાકિનારામાંથી લગભગ 34% વિસ્તાર ધોવાણની સ્થિતિનો સામનો કરી રહ્યો છે.
- જ્યારે 26% દરિયાકિનારો એક અભિવૃદ્ધિ પ્રકૃતિ (Accreting Nature) દર્શાવે છે અને બાકીનો 40% દરિયા કિનારો સ્થિર સ્થિતિમાં છે.
- 1990થી ચેન્નાઈ સ્થિત નેશનલ સેન્ટર ફોર કોસ્ટલ રિસર્ચ (NCCR) દ્વારા કિનારાના ધોવાણનું નિરીક્ષણ કરવામાં આવે છે અને તે પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના કાર્યક્ષેત્ર હેઠળ આવે છે.
- GIS મેપિંગ અને રિમોટ સેન્સિંગ ડેટા ટેકનિકનો ઉપયોગ કિનારાના ધોવાણને મોનિટર કરવા માટે કરવામાં આવી રહ્યો છે.
- દેશની મુખ્ય ભૂમિના લગભગ 6,907.18 કિલોમીટર લાંબા દરિયાકિનારાનું 1990થી 2018 સુધી વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ભારતના રાજ્યોમાં ધોવાણનો દર

પશ્ચિમ બંગાળનો દરિયાકિનારો 534.35 કિ.મી છે. પશ્ચિમ બંગાળ રાજ્યએ 1990થી 2018 સુધીમાં લગભગ 60.5 ટકા ધોવાણ (323.07 કિમી)નો સામનો કર્યો હતો.

- કેરળમાં 592.96 કિ.મીનો દરિયાકિનારો છે અને તેમાં 46.4 ટકા (275.33) કિ.મી ધોવાણ થયું છે.
- તમિલનાડુમાં 991.47 કિ.મીનો દરિયાકિનારો છે. જેમા 42.7 ટકા (422.94 કિ.મી) ધોવાણ નોંધાયું છે.
- જ્યારે ગુજરાતના દરિયાકિનારાનું 27.06 ટકા ધોવાણ નોંધાયું છે.

## દરિયાકાંઠાના ધોવાણ વિશે

દરિયાકાંઠાનું ધોવાણ એ એવી પ્રક્રિયા છે જેમાં મજબૂત મોજાઓના કારણે દરિયાકાંઠાના વિસ્તારમાં આવેલ પૂર તેમની સાથે ખડકો, માટી અથવા રેતીને નીચે (સમુદ્રમાં)ની તરફ લઈ જાય છે, જેના કારણે સ્થાનિક સમુદ્રનું સ્તર વધે છે.

- ધોવાણ અને વૃદ્ધિ એકબીજાના પુરક છે. રેતી અને કાંપ એક બાજુથી વહે છે અને દરિયાકિનારે બીજે ક્યાંક જમા થાય છે.
- જમીનનું ધોવાણ જમીન અને માનવ વસવાટને નુકશાન તરફ દોરી જાય છે કારણ કે દરિયાનું પાણી દરિયાકાંઠાની જમીનના વિસ્તારને વહન કરે છે.
- બીજી બાજુ માટીના સંવર્ધનથી જમીનનો વિસ્તાર વધે છે.
- દરિયાકાંઠાનું ધોવાણ મનોરંજક પ્રવૃત્તિઓ જેમ કે સૂર્યસ્નાન, સ્વિમિંગ, સર્ફિંગ, ફિશિંગ, બોટિંગ વગેરે પર અસર થઈ શકે છે.
- મેન્ગ્રુવ પરવાળાના ખડકો અને લગૂનને તોફાનો અને ધોવાણ સામે શ્રેષ્ઠ સંરક્ષણ માનવામાં આવે છે.
- કારણ કે તે સમુદ્રી તોફાનોની મોટાભાગની ઉર્જાને વિચલિત કરે છે અને શોષી લે છે, તેથી દરિયાકિનારાની સુરક્ષા તેમજ પર્યાવરણની સુરક્ષા માટે આ કુદરતી સંશાધનો જાળવવા જરૂરી છે.

## દરિયાકાંઠાના ધોવાણનું કારણ

| કુદરતી | કૃત્રિમ |
|---|---|
| ➤ વેવ બ્રેકિંગની ક્રિયા | ➤ બિન આયોજિત માળખાનું બાંધકામ |
| ➤ ગંભીર ચક્રવાતી તોફાનની અસર | ➤ નદીના બંધને કારણે કાંપના પુરવઠામાં ઘટાડો |
| ➤ દરિયાઈ સપાટીમાં વધારો | ➤ દરિયાકિનારા પરથી રેતી દૂર કરવી |
| ➤ ડિફ્લેશન | ➤ ઈનલેટ ચેનલનું ડ્રેજિંગ |
| ➤ ભરતી પ્રવાહ | ➤ બિન આયોજિત સુધારાઓ |

## કુદરતી ઘટનાઓ

તરંગ ઉર્જાને દરિયાકાંઠાના ધોવાણનું પ્રાથમિક કારણ માનવામાં આવે છે.

- કુદરતી જોખમો જેમ કે ચક્રવાત, સમુદ્રના પાણીનું થર્મલ વિસ્તરણ, વાવાઝોડા, સુનામી, આબોહવા પરિવર્તનના પરિણામે ખંડીય ગ્લેશિયર્સ અને બરફની ચાદર ઓગળવાના કારણે ધોવાણને વેગ આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## તટીય પ્રવાહ

દરિયાકાંઠાની રેતીના પ્રવાહને પણ દરિયાકાંઠાના ધોવાણના મુખ્ય તારણો પૈકી એક ગણી શકાય છે.

- દરિયાકાંઠાનો પ્રવાહ પ્રવર્તમાન પવનો દ્વારા ઉત્પાદિત મોજાઓ દ્વારા સમુદ્ર અથવા તળાવના કિનારા દ્વારા વહન કરવામાં આવતી કાંપની કુદરતી હિલચાલનો સંદર્ભ આપે છે.

## માનવીય પ્રવૃત્તિઓ

રેતીના ખાણકામ અને પરવાળાની ખાણમાં ઘટાડો તરફ દોરી જતા કાંઠાના ધોવાણમાં ફાળો આપે છે.

## દરિયાકાંઠાની સુરક્ષા પદ્ધતિઓ

દરિયાકાંઠાની સુરક્ષા પદ્ધતિઓ નીચે મુજબ છે :

- કૃત્રિમ બીચ પોષણ
- રક્ષણાત્મક માળખા સીવોલ્સ, રિવેટ્સ
- કાંપના પ્રવાહને રોકવા માટેની રચનાઓ
- કૃત્રિમ બીચ પોષણ અને આ રચનાઓનું સંયોજન
- બીચ ગ્રાઉન્ડ વોટર ટેબલ અથવા બીચ ડ્રેનેજ સિસ્ટમનું નિયંત્રણ
- શાકભાજીનું વાવેતર
- જીઓ–સિન્થેટિક ટ્યૂબ/બેગનો ઉપયોગ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ગુજરાતનું ગૌરવ : UPSCના નવા ચેરમેન તરીકે ડો. મનોજ સોનીની નિમણૂક



UPSCના નવા ચેરમેન તરીકે ગુજરાતના ડો. મનોજ સોનીની નિમણૂક કરવામાં આવી છે.

- તેઓ પ્રોફેસર પ્રદીપ કુમાર જોશીનું સ્થાન લેશે.
- ડો. મનોજ સોની આંતરરાષ્ટ્રીય સંબંધોમાં નિષ્ણાત છે અને તેમણે ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો છે.
- તેમણે એમ. એસ. યુનિવર્સિટી ઓફ બરોડાના વાઈસ ચાન્સેલર તરીકે પણ સેવા આપી હતી. નોંધનીય છે કે તેઓ સ્વતંત્ર ભારતના સૌથી યુવા વાઈસ ચાન્સેલર પણ હતા.
- 17 ફેબ્રુઆરી, 1965માં જન્મેલા ડો. મનોજ સોની આ અગાઉ UPSCના સભ્ય હતા.

## UPSC

UPSCનું પૂરું નામ **'Union Public Service Commission' (સંઘ લોક સેવા આયોગ)** છે.

- UPSC એ ભારતના બંધારણ દ્વારા સ્થપાયેલી એક બંધારણીય અથવા તો સંવૈધાનિક સંસ્થા છે.
- ભારતીય બંધારણના ભાગ-14માં અનુચ્છેદ 315થી 323 અંતર્ગત 'સંઘ લોક સેવા આયોગ'ની જોગવાઈ કરવામાં આવી છે.

## UPSCના અધ્યક્ષની નિમણૂક

ભારતીય બંધારણના <u>અનુચ્છેદ 316(1)</u> અનુસાર UPSCના અધ્યક્ષ તથા અન્ય સભ્યોની નિમણૂક <u>ભારતના રાષ્ટ્રપતિ</u> દ્વારા કરવામાં આવે છે.

## UPSCના અધ્યક્ષની મુદ્દત

ભારતીય બંધારણના <u>અનુચ્છેદ 316(2)</u> અનુસાર UPSCના અધ્યક્ષ અથવા તો સભ્યોની મુદ્દત <u>6 વર્ષ</u> અથવા તો <u>65 વર્ષ</u> એ બેમાંથી જે પહેલા પૂરી થાય તે હોય છે.

## UPSCના અધ્યક્ષ બનવા માટેની લાયકાત

ભારતીય બંધારણમાં UPSCના અધ્યક્ષ બનવા માટે કોઈ ચોક્કસ લાયકાતની જોગવાઈ કરવામાં આવી નથી.

- પરંતુ ભારતીય બંધારણના <u>અનુચ્છેદ 361(1)</u> અનુસાર લોક સેવા આયોગના કુલ સભ્યોમાંથી અડધા સભ્યોને ભારત સરકાર અથવા રાજ્ય સરકારમાં ઓછામાં ઓછા <u>10 વર્ષ</u> કામ કરવાનો અનુભવ હોવો જરૂરી છે.

નોંધ : (1) લોક સેવા આયોગના <u>કાર્યો</u> અંગેની જોગવાઈ <u>અનુચ્છેદ 320</u> અંતર્ગત કરવામાં આવી છે.

(2) ભારતીય બંધારણના <u>અનુચ્છેદ 316(2) (ક)</u> અનુસાર સંઘ લોક સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યો ભારતના <u>રાષ્ટ્રપતિને</u> પોતાનું <u>રાજીનામું</u> આપે છે.

(3) <u>અનુચ્છેદ 323</u> અનુસાર UPSC દર વર્ષે પોતાનો રિપોર્ટ તૈયાર કરીને <u>રાષ્ટ્રપતિને</u> સોંપે છે.



## માધવપુર (ઘેડ)નો મેળો

10 એપ્રિલ, 2022ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે માધવપુર મેળાનો શુભારંભ કરાવ્યો હતો.



- ગુજરાતમાં પોરબંદર જિલ્લાના પોરબંદર તાલુકાના માધવપુર ખાતે દર વર્ષે ચૈત્ર સુદ નોમ એટલે કે રામનવમીના દિવસે લગ્નોત્સવને કેન્દ્રમાં રાખીને ભક્તિ–કીર્તનનો પાંચ દિવસનો માધવપુરનો મેળો ભરાય છે. જે ચૈત્ર સુદ તેરસના દિવસે પૂર્ણ થાય છે.
- આ મેળાની શરૂઆત લગભગ તેરમી સદીની આસપાસ થઈ હોવાનું કહેવાય છે.
- માધવપુર ઘેડમાં ભરાતા મેળાની કથા ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણીજીનાં લગ્ન પ્રસંગની સાથે જોડાયેલ છે.
- પુરાણ કથા મુજબ રાજકુમારી રૂક્ષ્મણીજીનું ગરવા ગિરનારની ગોદમાં મહાશિવરાત્રીના દિવસે ભરાતા ભવનાથના મેળામાંથી અપહરણ કરીને શ્રી કૃષ્ણ માધવપુર લઈ આવ્યા હતા.
- ત્યારબાદ અહીં માધવપુરમાં તેમના લગ્ન થયા હતા. ત્યાર પછીથી તેમની યાદમાં દર વર્ષે અહીં ભારતીય શાસ્ત્રોક્ત વિધિથી લગ્નની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે.
- આ ઉજવણી પાંચ દિવસ ચાલે છે. આ મેળાનું આયોજન અને બધી વ્યવસ્થા માધવપુરમાં આવેલા પ્રસિદ્ધ શ્રી માંડવરાયજી મંદિર તરફથી કરવામાં આવે છે.
- આ પ્રસંગે ગાર્ડ ઓફ ઓનર સાથે શ્રી ગોપાલ લાલજી (ભગવાન શ્રી કૃષ્ણનું) ફુલેકું નીકળે છે.
- આ ફુલેકાની ઉજવણી ત્રણ દિવસ ચાલે છે. એટલે કે આ ફુલેકુ ત્રણ દિવસ નીકળે છે.
- ત્યારબાદ જાન આગમન–સ્વાગત–લગ્નવિધિ અને કન્યાવિદાયના પ્રસંગ યોજાય છે.
- અહીં ભગવાન શ્રી કૃષ્ણ અને રૂક્ષ્મણીજીનાં લગ્ન જ્યાં થયા હતા તે જગ્યા રૂક્ષ્મણીમઠ તરીકે ઓળખાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

1. ‘વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિવસ’ અથવા તો 'International Day of Human Space Flight' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 એપ્રિલ (B) 11 એપ્રિલ

(C) 12 એપ્રિલ (D) 13 એપ્રિલ (C)

2. તાજેતરમાં પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયે લોકસભાને માહિતી આપી હતી કે ભારતીય તટીય દરિયાકિનારામાંથી લગભગ ..................વિસ્તાર ધોવાણની સ્થિતિનો સામનો કરી રહ્યો છે.

(A) 34% (B) 41%

(C) 51% (D) 59% (A)

3. તાજેતરમાં UPSCના નવા ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી પ્રદીપ કુમાર જૈન (B) શ્રી અરવિંદ કુમાર જાની

(C) શ્રી પંકજ મહાજન (D) શ્રી મનોજ સોની (D)

4. UPSC સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમનું પૂરું નામ 'Union Public Service Commission' છે.

2. તે ભારતના બંધારણ દ્વારા સ્થપાયેલી એક બંધારણીય અથવા સંવૈધાનિક સંસ્થા છે.

3. ભારતીય બંધારણના અનુચ્છેદ 316(1) અનુસાર UPSCના અધ્યક્ષ તથા અન્ય સભ્યોની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 અને 2

(C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (D)

5. ગુજરાતમાં દર વર્ષે કયા સમય દરમિયાન માધવપુર ઘેડ ખાતે પ્રસિદ્ધ મેળો ભરાય છે ?

(A) ચૈત્ર વદ નોમથી ચૈત્ર વદ તેરસ (B) ચૈત્ર વદ પાંચમથી ચૈત્ર વદ અગિયારસ

(C) ચૈત્ર સુદ પાંચમથી ચૈત્ર સુદ અગિયારસ (D) ચૈત્ર સુદ નોમથી ચૈત્ર સુદ તેરસ (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## જલિયાવાલા બાગ હત્યાકાંડની 103મી વર્ષગાંઠ

13 એપ્રિલ, 2022ના રોજ જલિયાવાલા બાગ હત્યાકાંડની 103મી વર્ષગાંઠ હતી.

### જલિયાવાલા બાગ હત્યાકાંડ

આઝાદીની લડત દરમિયાન ભારતમાં 'રોલેટ એક્ટ'ના વિરોધમાં મહાત્મા ગાંધીજીએ 6 એપ્રિલ, 1919ના રોજ દેશવ્યાપી હડતાલની ઘોષણા કરી હતી.

- ત્યારબાદ સમગ્ર ભારતમાં 'રોલેટ એક્ટ'ના વિરોધમાં વ્યાપક દેખાવો થયા હતા.
- આથી, અંગ્રેજ સરકાર દ્વારા 8 એપ્રિલ, 1919ના રોજ હરિયાણાના પલવલ નામના ગામમાંથી મહાત્મા ગાંધીજીની ધરપકડ કરવામાં આવી હતી.
- આ ઉપરાંત પંજાબમાંથી પણ અનેક લોકોની ઘરપકડ કરવામાં આવી હતી.
- પંજાબમાં અંગ્રેજો દ્વારા કરવામાં આવેલી ઘરપકડના વિરોધમાં 10 એપ્રિલ, 1919ના રોજ પંજાબના લોકપ્રિય નેતા ડો. સત્યપાલ અને શ્રી સૈફુદીન કિચલુની પણ ધરપકડ કરી હતી.
- આથી, પોતાના પ્રિય નેતાના ધરપકડના વિરોધમાં પંજાબના લોકો 13 એપ્રિલ, 1919ના રોજ અમૃતસર ખાતે આવેલા જલિયાવાલા બાગમાં વૈશાખીના તહેવારની ઉજવણીના બહાને એકઠા થયા હતા.
- અમૃતસરની સ્થિતિ બેકાબૂ થતા ત્યા 144ની કલમ તથા માર્શલ લો લાગુ પાડવામાં આવ્યો હતો.
- અમૃતસરના લશ્કરી કમાન્ડર જનરલ ડાયરને આ બાબતની જાણ થતા તે લશ્કરી ટૂકડી સાથે જલિયાવાલા પહોંચી ગયો હતો અને કોઈપણ જાતની ચેતવણી આપ્યા વિના તેણે ગોળીબારનો આદેશ આપ્યો હતો.
- આ સમયે થયેલા અંધાધૂંધ ફાયરિંગમાં 1000 થી વધુ લોકો શહીદ થયા હતા અને હજારો લોકો ઘાયલ થયા હતા. બ્રિટિશ ઈતિહાસની આ કલંકરૂપ ઘટનાના દોષિત જનરલ ડાયરનું પૂરું નામ બ્રિગેડિયર જનરલ રેગિનાલ્ડ એડવર્ડ હેરી ડાયર છે.
- જનરલ ડાયરના આ કૃત્યની તપાસ માટે અંગ્રેજો દ્વારા 'હંટર કમિશન'ની નિમણૂક કરવામાં આવી હતી.
- જો કે, હંટર કમિશને આ ઘટનાને જનરલ ડાયર દ્વારા 'અણસમજથી થયેલી ભૂલ' ગણાવી તેને દોષમુક્ત કર્યો હતો.
- ભારતીયો દ્વારા આ હત્યાકાંડની તપાસ માટે શ્રી મદનમોહન માલવીયાની અધ્યક્ષતામાં એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું.
- આ હત્યાકાંડના વિરોધમાં શ્રી રવિન્દ્રનાથ ટાગોરે 'નાઈટહૂડ' તથા શ્રી જમનાદાસ બજાજે 'રાયબહાદુર'ની ઉપાધિનો ત્યાગ કર્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રોલેટ એક્ટ વિશે

પ્રથમ વિશ્વયુદ્ધ 1918માં પૂરું થયું હતું. ત્યારબાદ છ મહિને 'હિન્દ સંરક્ષણ ધારા'ની મુદત પુરી થતી હોવાથી ક્રાંતિકારી પ્રવૃતિને અટકાવવા માટે 'Anarchment and Revolutionary act' નામનો કાયદો ન્યાયાધીશ સીડની રોલેટ, દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો જેને ટૂંકમાં 'રોલેટ એક્ટ' તરીકે ઓળખવામાં આવે છે.

- રોલેટ એક્ટની મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે :

(1) કોઈપણ વ્યક્તિને શંકાને આધારે ધરપકડ કરી શકાતી હતી.

(2) ખાસ અદાલતોમાં કેસ ચલાવીને ન્યાયિક કાર્યવાહી વગર સજા કરી શકાતી નથી.

## જલિયાવાલા બાગ સ્મારક

ભારતની સંસદ દ્વારા 'જલિયાવાલા બાગ રાષ્ટ્રીય સ્મારક એક્ટ, 1951 પસાર કરીને જલિયાવાલા બાગને 'રાષ્ટ્રીય સ્મારક' જાહેર કરવામાં આવ્યું હતું.

- 'જલિયાવાલા બાગ નેશનલ મેમોરિયલ ટ્રસ્ટ' દ્વારા તેનું સંચાલન કરવામાં આવે છે.

નોંધ : (1) ગાંધીજીએ રોલેટ એક્ટના કાયદાને 'કાળો કાયદો' કહ્યો હતો.

(2) શ્રી મોતીલાલ નેહરૂએ 'નો વકીલ, નો દલીલ, નો અપીલ' સાથે રોલેટ એક્ટના કાયદાને સરખાવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# શ્રી હર્ષવર્ધન શ્રિંગલાને ભારતના મુખ્ય G20 સંયોજક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા



વર્ષ 2023માં ભારત દ્વારા આયોજિત થનારી G20 સમિટ માટે શ્રી હર્ષવર્ધન શ્રિંગલાને મુખ્ય સંયોજક (અથવા ચિફ કોઓર્ડિનેટર) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- વર્ષ 2023માં ભારતમાં યોજનારી G20 સમિટ દેશમાં અત્યાર સુધીની સૌથી મોટી બહુપક્ષીય ઈવેન્ટ છે.
- આ સમિટ વૈશ્વિક મંચ પર દેશની સમૃદ્ધ સંસ્કૃતિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આતિથ્ય અને વિવિધતાને પ્રદર્શિત કરવાની ઉત્તમ તક પૂરી પાડે છે.
- શ્રી હર્ષવર્ધન શ્રિંગલા ભારતીય વિદેશ સેવા (IFS) અધિકારી છે.

## G-20 Summitનું આયોજન

| ક્રમ | તારીખ- વર્ષ | યજમાન દેશ | યજમાન શહેર |
|---|---|---|---|
| 1st | 14-15 નવેમ્બર, 2008 | અમેરિકા | વોશિંગ્ટન ડી.સી |
| 2nd | 2 એપ્રિલ, 2009 | યુનાઈટેડ કિંગ્ડમ | લંડન |
| 14th | 28-29 જૂન, 2019 | જાપાન | ઓસાકા |
| 15th | 21-22 નવેમ્બર, 2020 | સાઉદી અરેબિયા | રિયાધ |
| 16th | 30-31 ઓક્ટોબર, 2021 | ઈટાલી | રોમ |
| 17th | 2022 | ઈન્ડોનેશિયા | બાલી |
| 18th | 2023 | ભારત | નવી દિલ્હી |

નોંધ :(1) વર્ષ 2018માં આર્જેન્ટિનામાં યોજાયેલી 13મી G-20ના સમાપન પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2022ની G-20 સમિટ ભારતમાં યોજવાની જાહેરાત કરી હતી.

(2) ત્યારબાદ વર્ષ 2020માં નક્કી કર્યુ હતું કે ભારત 2022ને બદલે 2023ની G-20 સમિટનું આયોજન કરશે.

(3) જ્યારે વર્ષ 2022ની અધ્યક્ષતા હવે ઈન્ડોનેશિયા કરશે.

## G-20

G-20ને 'Group of Twenty'તરીકે પણ ઓળખવામાં આવે છે.

- G-20 ભારત સહિત વિશ્વના 19 શક્તિશાળી દેશો અને યુરોપિયન યુનિયનનો સમૂહ છે.
- આ સંગઠનના 20 સભ્યોમાં યુરોપિયન યુનિયન ઉપરાંત ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તૂર્કી, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.
- ચીન સિવાય ભારતનો એકપણ પાડોશી દેશ G-20 સમૂહનો સભ્ય નથી.
- સમગ્ર વિશ્વના કુલ GDPમાં આ સમૂહ 90 ટકા, વિશ્વ વ્યાપારમાં 75 થી 80 ટકા, વિશ્વની કુલ વસતીમાં બે તૃતીયાંશ અને વિશ્વના જમીન વિસ્તારમાં અંદાજે અડધો હિસ્સો આ સમૂહ ધરાવે છે.
- G-20 સમૂહની સ્થાપના 26 સપ્ટેમ્બર, 1999ના રોજ થઈ હતી.

નોંધ :(1) સરકાર દ્વારા G20 સમિટના આયોજન માટે મુખ્ય સંયોજકની ભૂમિકા બનાવી છે.

(2) નોંધનીય છે કે ભારતના કેન્દ્રીય મંત્રી શ્રી પિયુષ ગોયલ G20ના શેરપા તરીકે ચાલુ રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# રાજ્ય ઊર્જા અને આબોહવા સૂચકાંક (State Energy and Climate Index-SECI)

તાજેતરમાં નીતિ આયોગે 'રાજ્ય ઊર્જા અને આબોહવા સૂચકાંક' (State Energy and Climate Index) લોન્ચ કર્યો છે.

- આ પ્રથમ ઈન્ડેક્સ છે જેનો ઉદ્દેશ્ય આબોહવા અને ઊર્જા ક્ષેત્રે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને ટ્રેક કરવાનો છે.
- આબોહવા પરિવર્તન અને સ્વચ્છ ઊર્જા સંક્રમણ માટે ભારતના લક્ષ્યોને ધ્યાનમાં રાખીને ઈન્ડેક્સના પરિમાણો તૈયાર કરવામાં આવ્યા છે.

## ઈન્ડેક્સના મુખ્ય ઉદ્દેશ્ય

ઊર્જા વપરાશ, ઊર્જા પહોંચ, ઊર્જા કાર્યક્ષમતા અને પર્યાવરણની સુરક્ષામાં સુધારો કરવા તરફના તેમના પ્રયાસોના આધારે રાજ્યોનું રેન્કિંગ.

- રાજ્ય સ્તરે સસ્તું, સુલભ, કાર્યક્ષમ અને સ્વચ્છ ઊર્જા સંક્રમણના કાર્યસૂચિને ચલાવવામાં મદદ કરવી.
- ઊર્જા અને આબોહવાના વિવિધ પરિમાણો પર રાજ્યો વચ્ચે તંદુરસ્ત સ્પર્ધાને પ્રોત્સાહન આપવું.

## માપદંડ

સ્ટેટ એનર્જી એન્ડ ક્લાઈમેટ ઈન્ડેક્સ (SECI) રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને છ પરિમાણો પર રેન્ક આપે છે :

(1) ડિસ્કોમ (પાવર ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓ)નું પ્રદર્શન

(2) સસ્તુ એક્સેસ અને ઊર્જા વિશ્વસનીયતા

(3) સ્વચ્છ ઊર્જા પહેલ

(4) ઊર્જા કાર્યક્ષમતા

(5) પર્યાવરણીય સ્થિરતા

(6) નવી પહેલ

## વર્ગીકરણ

SECI સ્કોરના પરિણામના આધારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને ત્રણ જૂથમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે :

(1) ફ્રન્ટ રનર્સ (2) અચીવર્સ અને (3) એસ્પિરન્ટ્સ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિવિધ રાજ્યોની કામગીરી

ગુજરાત, કેરળ અને પંજાબને મોટા રાજ્યોની શ્રેણીમાં ટોચના ત્રણ પર્ફોમર તરીકે સ્થાન આપવામાં આવ્યું છે.

- જ્યારે ઝારખંડ (18), મધ્યપ્રદેશ (19) અને છત્તીસગઢ (20) આ કેટેગરીમાં નીચેના ત્રણ રાજ્યો હતા.

### મોટા રાજ્યોની કેટેગરીમાં ટોચના ત્રણ રાજ્યો

| રેન્ક | રાજ્ય |
|---|---|
| 1 | ગુજરાત |
| 2 | કેરળ |
| 3 | પંજાબ |

- નાના રાજ્યોની કેટેગરીમાં ટોચના ત્રણ પ્રદર્શન કરનારા રાજ્યોમાં ગોવા, ત્રિપુરા અને મણિપુર છે.

### નાના રાજ્યોની કેટેગરીમાં ટોચના ત્રણ રાજ્યો

| રેન્ક | રાજ્ય |
|---|---|
| 1 | ગોવા |
| 2 | મણિપુર |
| 3 | ત્રિપુરા |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચંદીગઢ, દિલ્હી તથા દમણ અને દિવ અને દાદરાનગર હવેલી ટોચના પ્રદર્શન કરનાર છે.

**નોંધ :** (1) ડિસ્કોમ (ઊર્જા પહોંચ) પ્રદર્શનમાં પંજાબ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર હતું.

(2) જ્યારે એફોર્ડેબિલિટી અને વિશ્વસનીયતા કેટેગરીમાં કેરળ ટોચ પર હતું.

ભારતનો ઈતિહાસ
GPSC 1/2, PSI/CONSTABLE,
Dy. S.O./ Dy. MAMLATDAR, તલાટી,
બિનસચિવાલય કલાર્ક, વગેરે સ્પર્ધાત્મક
પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક
ICE
NOW AVAILABLE


**1.** વર્ષ 2022માં જલિયાવાલા બાગ હત્યાકાંડની કેટલામી વર્ષગાંઠ હતી ?

(A) 101 (B) 102

(C) 103 (D) 104 **(C)**

**2.** કયા કાયદાના વિરોધમાં મહાત્મા ગાંધીજીએ 6 એપ્રિલ, 1919ના રોજ દેશવ્યાપી હડતાલની ઘોષણા કરી હતી ?

(A) રોલેટ એક્ટ (B) મોર્લે–મિન્ટો સુધારા

(C) રેગ્યુલેટિંગ, એક્ટ, 1873 (D) રેગ્યુલેટિંગ એક્ટ, 1919 **(A)**

**3.** 'જલિયાવાલા બાગ હત્યાકાંડ' કયારે થયો હતો ?

(A) 10 એપ્રિલ, 1918 (B) 13 એપ્રિલ, 1918

(C) 10 એપ્રિલ, 1919 (D) 13 એપ્રિલ, 1919 **(D)**

**4.** 13 એપ્રિલ, 1919ના રોજ પંજાબના અમૃતસરમાં આવેલા જલિયાવાલા બાગમાં પંજાબના કયા નેતાઓની ધરપકડના વિરોધમાં હજારો લોકો એકઠા થયા હતા ?

(A) શ્રી લાલાલજપતરાય અને સૈફુલદીન કિચલુ (B) શ્રી લાલાલજપતરાય અને ડો. સત્યપાલ

(C) શ્રી સૈફુદીન કિચલુ અને ડો. સત્યપાલ (D) શ્રી સૈફુદીન કિચલુ અને શ્રી ભગત સિંહ **(C)**

**5.** જલિયાવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે અંગ્રેજો દ્વારા કયા કમિશનની નિમણૂક કરવામાં આવી હતી ?

(A) રોલેટ કમિશન (B) ડાયર કમિશન

(C) વાયલી કમિશન (D) હંટર કમિશન **(D)**

**6.** જલિયાવાલા બાગ હત્યાકાંડની તપાસ માટે ભારતીયો દ્વારા કોની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી હતી ?

(A) શ્રી રવિન્દ્રનાથ ટાગોર (B) શ્રી મદન મોહન માલવીયા

(C) શ્રી સૈફુદીન કિચલુ (D) શ્રી જમનાલાલ બજાજ **(B)**

**7.** વર્ષ 2023માં ભારત દ્વારા આયોજિત થનારી G20 સમિટ માટે કોને મુખ્ય સંયોજક (અથવા ચિફ કોઓર્ડિનેટર) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે ?

(A) શ્રી હર્ષવર્ધન શ્રિંગલા (B) શ્રી મોહન મિશ્રા

(C) શ્રી અભિનવ અગ્નિહોત્રી (D) શ્રી અનુરાગ ઠાકુર **(A)**

**8.** તાજેતરમાં નીતિ આયોગે 'સ્ટેટ એનર્જી એન્ડ ક્લાઈમેન્ટ ઈન્ડેક્સ' (SECI) બહાર પાડયો છે. તેમાં મોટા રાજ્યોની કેટેગરીમાં કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?

(A) ગુજરાત (B) ઉત્તરાખંડ

(C) રાજસ્થાન (D) ઉત્તરપ્રદેશ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 એપ્રિલ, (1) સમરસતા દિવસ (ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ) (2) રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન



### ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતી

14 એપ્રિલ, 2022ના રોજ સમગ્ર દેશમાં ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની 131મી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી છે.

- વર્ષ 2015થી દર વર્ષે ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી 14 એપ્રિલ **'સમરસતા દિવસ'** અને 26 નવેમ્બર **'બંધારણ દિવસ'** તરીકે ઉજવાય છે.
- આ અગાઉ વર્ષ 2016માં ભારત સરકાર દ્વારા ડૉ. બાબા સાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.
- વર્ષ 2016માં ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીની ઉજવણી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પણ કરવામાં આવી હતી.
- જેમાં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરને 'વિશ્વના પ્રણેતા' કહીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જેમની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હોય એવા ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રથમ ભારતીય વ્યક્તિ છે.
- **ડૉ. બાબાસાહેબ આંબેડકર** સિવાય ફક્ત બે જ મહાપુરુષો એવા છે કે જેમની જન્મજયંતી સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મનાવવામાં આવી હોય.... અને તે છે **શ્રી માર્ટિન લ્યૂથર કિંગ** અને **શ્રી નેલ્સન મંડેલા.**
- ડૉ. બાબાસાહેબ આંબેડકર, શ્રી માર્ટિન લ્યૂથર કિંગ અને શ્રી નેલ્સન મંડેલા વિશ્વમાં 'માનવઅધિકાર સંઘર્ષ'ના સૌથી મહાન નેતાઓ છે.
- ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી **'ડૉ.આંબેડકર જયંતી'** અથવા તો **'શ્રી ભીમરાવ જયંતી'** તરીકે પણ ઉજવાય છે. વર્ષ 2015થી તેમની ઉજવણી **'સમરસતા દિવસ'** તરીકે કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**ડૉ. બાબાસાહેબ આંબેડકર**

| | |
|---|---|
| જન્મ : | 14 એપ્રિલ, 1891 |
| જન્મ સ્થળ : | મહુ (મધ્યપ્રદેશ) |
| પૂરું નામ : | ડૉ. ભીમરાવ રામજીભાઈ આંબેડકર |
| હુલામણું નામ : | ડૉ. બાબાસાહેબ આંબેડકર |
| પિતાનું નામ : | શ્રી રામજીભાઈ સકપાલ |
| માતાનું નામ : | શ્રીમતી ભીમાબાઈ |
| મૂળ વતન : | અંબાવાડે ગામ, જિલ્લો રત્નાગિરી (મહારાષ્ટ્ર) |
| પુરસ્કાર : | ભારત રત્ન (એપ્રિલ, 1990) |

## અભ્યાસ

(1) મુંબઈની એલ્ફીન્સ્ટન હાઈસ્કૂલમાંથી 1907માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી.

(2) વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડની સહાયથી મુંબઈની એલ્ફીન્સ્ટન કોલેજમાં અભ્યાસ કરી 1912માં અંગ્રેજી મુખ્ય વિષય સાથે બી.એ.ની પરીક્ષા પાસ કરી.

(3) મહારાજા સયાજીરાવ ગાયકવાડની સહાયથી અમેરિકાના ન્યુયોર્કની કોલંબિયા યુનિવર્સિટીમાં અભ્યાસ કરી 'પ્રાચીન ભારતીય વ્યાપાર' વિષય ઉપર મહાનિબંધ લખી 1915માં કોલંબિયા યુનિવર્સિટીની એમ. એ.ની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરી.

(4) 1916માં 'બ્રિટીશ ભારતમાં મુલ્કી અર્થવ્યવસ્થાનો વિકાસ' વિષય ઉપર મહાનિબંધ લખી કોલંબિયા યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની. ડિગ્રી મેળવીને શ્રી ભીમરાવ આંબેડકર ડૉ. ભીમરાવ આંબેડકર બન્યા.

(5) ઈંગ્લેન્ડમાં કાયદાનો તથા અર્થશાસ્ત્રનો અભ્યાસ કરી 1923માં બેરિસ્ટર થયા. અને ડૉ. આંબેડકરને તેમના મહાનિબંધ 'રૂપિયાનો પ્રશ્ન' વિષય પર લંડન યુનિવર્સિટીએ તેમને "ડોક્ટર ઓફ સાયન્સ"ની ઉચ્ચ ડિગ્રી એનાયત કરી.

(6) લંડનમાં અભ્યાસ પૂર્ણ કરી તેમણે જર્મનીની પ્રસિદ્ધ બોન યુનિવર્સિટીમાં અભ્યાસ શરૂ કર્યો. પરંતુ ત્યાં લાંબો સમય ન રહ્યા અને ભારત પરત ફર્યા.

(7) જૂન 1928માં મુંબઈની ગવર્નમેન્ટ લો કોલેજમાં કાયદાના પ્રોફેસર તરીકે જોડાયા અને વિદ્યાર્થીઓમાં ખૂબ જ પ્રિય બન્યા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાષ્ટ્રના વિકાસમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરનું યોગદાન

ડૉ. બાબાસાહેબ આંબેડકરનું ભારતના વિકાસમાં અમૂલ્ય યોગદાન છે. એક અર્થશાસ્ત્રી, સમાજશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી અને કાયદાના જાણકાર તરીકે ડૉ. બાબાસાહેબ આંબેડકરે આધુનિક ભારતના વિકાસનો પાયો નાંખ્યો હતો.

- તેમણે ભારતીય બંધારણનો ડ્રાફ્ટ (પ્રારૂપ) તૈયાર કર્યું અને તેઓ 'ભારતીય બંધારણના પિતા' તરીકે ઓળખાયા.
- આર્થિક અને શૈક્ષણિક દષ્ટિએ પછાત વર્ગોના વિકાસ માટે ઈ.સ. 1923માં 'બહિષ્કૃત હિતકારીણી સભા'ની સ્થાપના કરી.
- ભારતમાંથી જાતિવાદને નાબૂદ કરવા માટે સામાજિક આંદોલનો ચલાવ્યા.
- જળ સંશાધનો માટેની અસ્પૃશ્યતા દૂર કરવા માટે 1927માં મહારાષ્ટ્રના મહાડમાં પ્રદર્શનનું નેતૃત્વ કર્યું.
- 1930માં મહારાષ્ટ્રના નાસિકમાં કાલારામ મંદિરમાં પ્રવેશ માટે આંદોલનનું નેતૃત્વ કર્યું.
- સપ્ટેમ્બર 1931માં મળેલી બીજી ગોળમેજી પરિષદમાં ભારતના આર્થિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉદ્ધાર માટે અલગ મતાધિકાર અને અલગ અનામત બેઠકોની માંગણી કરી.
- ઓગસ્ટ 1936માં 'સ્વતંત્ર મજૂર પક્ષ'ની સ્થાપના કરી.
- 1940માં તેમનું 'પાકિસ્તાન ઉપર વિચારો' પુસ્તક પ્રકાશિત થયું.
- આ ઉપરાંત 'શુદ્રો કોણ હતા ?' નામનું પુસ્તક લખ્યું અને પ્રકાશિત કરાવ્યું.
- 20 જુલાઈ, 1942ના રોજ તેમણે ભારતના વાઈસરોયની કેબિનેટમાં લેબર મેમ્બર તરીકેનો ચાર્જ સંભાળ્યો. અને સરકારના લેબર મેમ્બર તરીકે તેમણે 'પીપલ્સ એજ્યુકેશન સોસાયટી'ના નેજા હેઠળ મુંબઈમાં સિદ્ધાર્થ કોલેજની શરૂઆત કરી.
- ડૉ. બાબાસાહેબ આંબેડકરના પ્રયાસોને કારણે જ 29 એપ્રિલ, 1947ના રોજ બંધારણ સભાએ કાયદા દ્વારા સમગ્ર ભારતમાંથી અસ્પૃશ્યતાને નાબુદ થયેલી જાહેર કરી હતી.
- 3 ઓગસ્ટ, 1947ના રોજ ભારતની વચગાળાની સરકાર રચાઈ. તેમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ભારતના પ્રથમ કાયદા પ્રધાન બન્યા.
- 29 ઓગસ્ટ, 1947ના રોજ ભારતીય બંધારણની રચના માટે 'ડ્રાફ્ટીંગ સમિતિ'ના પ્રમુખ તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હતી.
- તેમણે આઝાદ ભારતના નવા બંધારણનો ડ્રાફ્ટ તૈયાર કર્યો અને 26 નવેમ્બર, 1949ના રોજ બંધારણ સભા દ્વારા આ બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતીય રીઝર્વ બેંક (RBI)ની સ્થાપના તેમના વિચારોથી જ થઈ હતી.
- ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રેરણાથી જ ભારતના 'નાણા આયોગ' (Finance commission)ની સ્થાપના થઈ હતી.
- દામોદર ઘાટી યોજના, હીરાકુંડ યોજના અને સોન નદી યોજના જેવા 8 મોટા બંધોના નિર્માણમાં પણ ડો. બાબાસાહેબ આંબેડકરની મહત્ત્વની ભૂમિકા હતી.
- ભારતમાં Employment Exchangeની સ્થાપના પણ ડો. બાબાસાહેબ આંબેડકરના વિચારોથી જ થઈ હતી.
- ભારતમાં પાણી અને વીજળીની Grid Systemની સ્થાપનામાં પણ ડો. બાબાસાહેબ આંબેડકરનું મહત્ત્વનું યોગદાન છે.
- ભારતને 'સ્વતંત્ર ચૂંટણી પંચ'ની ભેટ પણ ડો. બાબાસાહેબ આંબેડકરે જ આપી છે.

**નોંધ:** (1) 5 જૂન, 1952ના રોજ અમેરિકાના ન્યુયોર્કની કોલંબિયા યુનિવર્સિટીએ તેમને સર્વોચ્ચ એવી "ડોક્ટર એટ લો"ની પદવી આપી હતી.

(2) 12 જાન્યુઆરી, 1953ના રોજ ભારતની ઓસ્માનિયા યુનિવર્સિટીએ ડો. બાબાસાહેબ આંબેડકરને "ડોક્ટર ઓફ લીટરેચર"ની ઉચ્ચ પદવીથી સન્માનિત કર્યા હતા.

(3) અને અંતે 6 ડિસેમ્બર, 1956ની વહેલી સવારે દિલ્હી ખાતે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

(4) 13 એપ્રિલ, 2018ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે નવી દિલ્હી ખાતે ડો. આંબેડકર રાષ્ટ્રીય સ્મારકનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

## પંચતીર્થ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પાંચ સ્થળોને 'પંચતીર્થ' તરીકે જાહેર કરી તેનો વિકાસ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

**ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પંચતીર્થ**

| ક્રમ | સ્થળ | વિશેષતા |
|---|---|---|
| 1 | મહુ (મધ્યપ્રદેશ) | જન્મભૂમિ |
| 2 | નાગપુર (મહારાષ્ટ્ર) | દીક્ષા ભૂમિ |
| 3 | લંડન (ઈંગ્લેન્ડ) | ઈંગ્લેન્ડમાં નિવાસ સ્થાન(ડો. આંબેડકર સ્મારક નિવાસ) |
| 4 | અલિપુર રોડ (દિલ્હી) | મહાપરિનિર્વાણ ભૂમિ |
| 5 | મુંબઈ (મહારાષ્ટ્ર) | ચૈત્ય ભૂમિ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## હેલિના : એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ

તાજેતરમાં ભારત દ્વારા એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ (ATGM) 'હેલિના'નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- DRDO અનુસાર તે વિશ્વના સૌથી અદ્યતન એન્ટિ–ટેન્ક હથિયારોમાંનું એક છે.
- આ પરીક્ષણ DRDO દ્વારા વિકસિત ત્રીજી પેઢીની 'ફાયર એન્ડ ફોર્ગેટ' (Fire and Forget) વર્ગની મિસાઈલોના માન્યતા પરીક્ષણ (Validation Trials)નો એક ભાગ હતો.

### હેલિના વિશે

હેલિના ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરી (DRDL), હૈદરાબાદ દ્વારા DRDOના 'મિસાઈલ્સ અને સ્ટ્રેટેજિક સિસ્ટમ્સ' (MSS) ક્લસ્ટર હેઠળ વિકસાવવામાં આવી છે.

- વર્ષ 2018થી આ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

### વિશેષતાઓ

તે સાત કિલોમીટરની મહત્તમ રેન્જ ધરાવે છે.

- અને તેને એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર (HAL) ના વેપનાઈઝ્ડ વર્ઝન સાથે એકીકરણ કરવા માટે ડિઝાઈન અને વિકસાવવામાં આવ્યું છે.
- આ મિસાઈલ સિસ્ટમ દિવસ અને રાત્રિના કોઈપણ સમયે લોન્ચ કરી શકાય છે.
- તથા તે પરંપરાગત કવચ અને વિસ્ફોટક પ્રતિક્રિયાશીલ કવચ સાથે યુદ્ધ ટેન્કને ભેદવામાં અથવા મારવા સક્ષમ છે.
- આ મિસાઈલ એરફોર્સ અને આર્મી બંનેમાં હેલિકોપ્ટર સાથે એકીકૃત કરવા માટે વિકસાવવામાં આવી છે.
- હેલિનાના એરફોર્સ વર્ઝનને 'ધ્રુવસ્ત્ર' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- હેલિના ડાયરેક્ટ હિટ મોડ (Hit Mode)ની સાથે સાથે ટોપ એટેક મોડ (Top Attack Mode) બંનેને લક્ષ્ય બનાવી શકે છે.
- ટોપ એટેક મોડ એટલે કે પ્રક્ષેપણ પછી મિસાઈલ હાઈ સ્પીડ સાથે ચોક્કસ ઊંચાઈ સુધી જાય છે અને પછી નક્કી કરેલા લક્ષ્યને મારવા માટે નીચે તરફ વળે છે.
- ડાયરેક્ટ હિટ મોડ એટલે કે મિસાઈલ ઓછી ઉંચાઈ પર જઈને સીધા જ લક્ષ્યને અથડાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## અન્ય એન્ટિ ટેન્ક મિસાઈલ્સ

**DRDO** એ ટેન્ક વિરોધી મિસાઈલ તકનીકોની શ્રેણી ડિઝાઈન અને વિકસાવી છે. જેમાં નીચેનાનો સમાવેશ થાય છે :

**(1) નાગ :**

તે ત્રીજી પેઢીની એન્ટિ–ટેન્ક મિસાઈલ છે જે ફાયર એન્ડ ફોર્ગેટ સિદ્ધાંત પર આધારિત છે, જે દુશ્મનની ટેન્ક પર હુમલો કરવા માટે વિકસાવવામાં આવી છે.

**(2) MPATGM :**

તે એક મેન–પોર્ટેબલ એન્ટિ–ટેન્ક ગાઈડેડ મિસાઈલ છે, જેમાં પાયદળના ઉપયોગ માટે ફાયર–એન્ડ–ફોર્ગેટ અને ટોપ એટેક ક્ષમતા સાથે 2.5 કિમીની રેન્જ ધરાવે છે.

**(3) SANT :**

તે એક સ્માર્ટ સ્ટેન્ડ–ઓફ એન્ટિ–ટેન્ક મિસાઈલ છે, જેને એરફોર્સના ટેન્ક વિરોધી મિશન માટે Mi-35 હેલિકોપ્ટરથી લોન્ચ કરવા માટે વિકસાવવામાં આવી છે.

**(4) અર્જુન મેન બેટલ ટેન્ક (MBT) MK-1A :**

અર્જુન મેન બેટલ ટેન્ક એ લેસર–માર્ગદર્શિત, સ્ટીક (ચોક્કસાઈ) માર્ગદર્શિત યુદ્ધ સામગ્રી છે. તેમાં સ્વદેશી રીતે વિકસિત 120 mm રાઈફલ્સ અને આર્મર પિયર્સિંગ ફિન–સ્ટેબિલાઈઝ્ડ ડિસ્કીટ રોબોટ (FSAPDS) યુદ્ધ સાધનો સામેલ છે.

## ચોથો ભારત-યુએસ 2+2 સંવાદ

તાજેતરમાં વોશિંગ્ટન ડીસીમાં ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા વચ્ચે ચોથો 2+2 સંવાદ યોજાયો હતો.

- આ દરમિયાન ભારતના વિદેશ મંત્રી અને સંરક્ષણ મંત્રીએ તેમના અમેરિકાના સમકક્ષ સાથે મુલાકાત કરી હતી.

### બેઠકના મુખ્ય મુદ્દાઓ

ભારત અને યુ.એસ.એ દ્વિપક્ષીય અંતરીક્ષ સ્થિતિજન્ય જાગરૂક્તા વ્યવસ્થા કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

- સંયુક્ત સાયબર ટ્રેનિંગ અને કવાયત ને વિસ્તારના 'ડિફેન્સ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડાયલોગ' શરૂ કરવા માટે સંમત થયા હતા.
- યુ.એસ ભારપૂર્વક જણાવે છે કે તે ઈન્ડો પેસિફિકમાં સંરક્ષણ ઉદ્યોગના નેતા અને આ ક્ષેત્રમાં સુરક્ષાના શુદ્ધ પ્રદાતા તરીકે ભારતને સમર્થન આપે છે.
- આ સંદર્ભમાં નવા પુરવઠા શૃંખલા સહકારના પગલાં રજૂ કરવામાં આવ્યા હતા જે બંને દેશોને એકબીજાની પ્રાથમિક સંરક્ષણ જરૂરિયાતોને વધુ ઝડપથી સમર્થન મળશે.
- તેઓ યુક્રેન કટોકટી પર નજીકના પરામર્શ જાળવવા સંમત થયા હતા, જેમાં માનવતાવાદી સહાયતાના પ્રયાસોનો સમાવેશ થાય છે અને નાગરિકો સામેની ક્રૂર હિંસાની સ્વતંત્ર તપાસને સમર્થન આપ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### યુ.એસ. સાથે ભારતની 2+2 મંત્રણાની સ્થિતિ

અમેરિકા ભારતનું સૌથી જૂનું અને સૌથી મહત્વપૂર્ણ 2+2 સંવાદ ભાગીદાર છે.

- બંને દેશો વચ્ચે પ્રથમ 2+2 વાટાઘાટો 2018માં ટ્રમ્પ વહીવટીતંત્ર દરમિયાન યોજાઈ હતી.
- ભારત અને અમેરિકાએ ઊંડા સૈન્ય સહયોગ માટે 'આધારભૂત કરારો'ની એક 'Troika' પર હસ્તાક્ષર કર્યા છે :

(1) વર્ષ 2016માં લોજિસ્ટિક્સ એક્સેન્જ મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ (LEMoA)

(2) વર્ષ 2018માં પ્રથમ 2+2 સંવાદ પછી સંચાર સુસંગતતા અને સુરક્ષા કરાર (COMCASA)

(3) વર્ષ 2020માં જીઓસ્પેશિયલ કોઓપરેશન (BECA) માટે મૂળભૂત વિનિમય અને સહકાર

### 2+2 સંવાદ

2+2 મંત્રી સ્તરીય સંવાદ એ બંને દેશો વચ્ચેની સર્વોચ્ચ સ્તરની સંસ્થાકીય પદ્ધતિ છે.

- તે સંવાદનું એક સ્વરૂપ છે જ્યાં સંરક્ષણ/વિદેશમંત્રી અથવા સચિવ અન્ય દેશના તેમના સમકક્ષોને મળે છે.
- ભારતની ચાર મુખ્ય વ્યૂહાત્મક ભાગીદારો–યુએસ, ઓસ્ટ્રેલિયા, જાપાન અને રશિયા સાથે 2+2 સંવાદ છે.

**1.** ભારતમાં ડો. બાબાસાહેબ આંબેડકર જયંતી તરીકે કયા દિવસની ઉજવણી થાય છે ?

(A) 12 એપ્રિલ (B) 13 એપ્રિલ (C) 14 એપ્રિલ (D) 15 એપ્રિલ **(C)**

**2.** 14 એપ્રિલ, 2022ના રોજ સમગ્ર ભારતમાં ડો. બાબાસાહેબ આંબેડકરની કેટલામી જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી છે ?

(A) 120મી (B) 126મી (C) 131મી (D) 133મી **(C)**

**3.** ભારતમાં ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતી કયા નામે ઉજવાય છે ?

(A) ડો. આંબેડકર જયંતી (B) શ્રી ભીમરાવ જયંતી (C) સમરસતા દિવસ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

**4.** ભારતમાં કોની જન્મજયંતી 'સમરસતા દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી જવાહરલાલ નહેરુ (B) મહાત્મા ગાંધીજી

(C) શ્રી સરદાર પટેલ (D) ડો. બાબાસાહેબ આંબેડકર **(D)**

**5.** ભારત સરકાર દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતીને 'સમરસતા દિવસ' તરીકે ક્યારથી ઉજવવામાં આવે છે ?

(A) 2012 (B) 2013 (C) 2014 (D) 2015 **(D)**

**6.** સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જેમની જન્મજયંતીની ઉજવણી કરવામાં આવી હોય એવી એકમાત્ર ભારતીય વ્યક્તિનું નામ શું છે ?

(A) મહાત્મા ગાંધીજી (B) સ્વામી વિવેકાનંદ

(C) શ્રી જવાહરલાલ નહેરુ (D) ડો. બાબાસાહેબ આંબેડકર **(D)**

**7.** ડો. બાબાસાહેબ આંબેડકરના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) 14 એપ્રિલ, 1891ના રોજ મધ્યપ્રદેશના મહુ ખાતે તેમનો જન્મ થયો હતો.

(B) તેમનું પૂરું નામ ડો. ભીમરાવ રામજીભાઈ આંબેડકર છે.

(C) તેમનું મૂળ વતન મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાનું અંબાવાડે ગામ હતું

(D) ઉપરોક્ત ત્રણેય સત્ય છે. **(D)**

**8.** ભારતના નિર્માણમાં ડો. બાબાસાહેબ આંબેડકરના પ્રદાનના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) 'સ્વતંત્ર ચૂંટણી પંચ' તેમની દેન છે.

(B) તેમના વિચારોથી જ RBIની સ્થાપના થઈ હતી.

(C) તેમના યોગદાનને કારણે જ 'Finance Commission'ની સ્થાપના થઈ હતી.

(D) ઉપરોક્ત ત્રણેય સત્ય છે. **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. 13 એપ્રિલ, 2018ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કઈ જગ્યાએ ડો. આંબેડકર રાષ્ટ્રીય સ્મારકનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું ?

(A) નાગપુર (B) નવી દિલ્હી

(C) લંડન (D) મુંબઈ (B)

10. ડો. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા પંચતીર્થમાં નીચેનામાંથી કયા સ્થળનો સમાવેશ થતો નથી ?

(A) નાગપુર (મહારાષ્ટ્ર) (B) લંડન (ઈંગ્લેન્ડ)

(C) મુંબઈ (મહારાષ્ટ્ર) (D) પેરિસ (ફ્રાન્સ) (D)

11. ભારતમાં 'રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 12 એપ્રિલ (B) 13 એપ્રિલ

(C) 14 એપ્રિલ (D) 15 એપ્રિલ (C)

12. તાજેતરમાં હેલિના એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે સાત કિલોમીટરની મહત્તમ રેન્જ ધરાવે છે.
2. તેને એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર (HAL)ના વેપનાઈઝ્ડ વર્ઝન સાથે એકીકરણ કરવા માટે ડિઝાઈન અને વિકસાવવામાં આવ્યું છે.
3. હેલિનાના એરફોર્સ વર્ઝનને 'ધ્રુવસ્ત્ર' તરીકે પણ ઓળખવામાં આવે છે.
4. તે ડાયરેક્ટ હિટ મોડની સાથે–સાથે ટોપ એટેક મોડ એમ બંનેને લક્ષ્ય બનાવી શકે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

13. તાજેતરમાં ભારત અને અમેરિકા વચ્ચે કેટલામો 2+2 સંવાદ યોજાયો હતો ?

(A) ચોથો (B) પાંચમો

(C) છઠ્ઠો (D) સાતમો (A)

14. તાજેતરમાં કયા સ્થળે ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા વચ્ચે ચોથો 2+2 સંવાદ યોજાયો હતો ?

(A) દિલ્હી (B) મુંબઈ

(C) ન્યૂયોર્ક (D) વોશિંગ્ટન ડિસી (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 15 એપ્રિલ,

(1) વિશ્વ સંસ્કૃતિ દિવસ અથવા વૈશ્વિક સંસ્કૃતિ દિવસ (World Day of Culture અથવા Universal Day of Culture)

(2) વિશ્વ કલા દિવસ (World Art Day)

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પ્રધાનમંત્રી સંગ્રહાલય'નું ઉદ્દઘાટન કર્યું

14 એપ્રિલ, 2022ના રોજ ડો. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ નિમિત્તે નવી દિલ્હીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'પ્રધાનમંત્રી સંગ્રહાલય' (Pradhan Mantri Sangrahalaya)નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

- પ્રધાનમંત્રી સંગ્રહાલયમાં ભારતના વડાપ્રધાનોના યોગદાનને પ્રદર્શિત કરવામાં આવશે.
- આ મ્યુઝિયમની ટિકિટ ખરીદનાર પ્રથમ વ્યક્તિ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હતા.
- આ મ્યુઝિયમ માત્ર વડાપ્રધાનોની ઉપલબ્ધીઓ અને યોગદાન પૂરતું મર્યાદિત નથી, તે દરેક વિષમ પરિસ્થિતિ વચ્ચે પણ દેશની લોકશાહીને મજબૂત કરવાનું, હજારો વર્ષોથી આપણી સંસ્કૃતિમાં ખીલેલા લોકતાંત્રિક મૂલ્યોની મજબૂત અને બંધારણમાંની અતૂટ શ્રદ્ધાનું પણ પ્રતિક છે.
- દૂરદર્શન, પ્રસાર ભારતી, સંસદ ટીવી, ફિલ્મ વિભાગ, મીડિયા ગૃહો (ભારતીય અને વિદેશી) અને સંરક્ષણ મંત્રાલય, વિદેશી સમાચાર એજન્સીઓ વગેરે જેવી સંસ્થાઓની મદદથી સંસ્થાઓની મદદથી સંગ્રહાલય માટેની તમામ માહિતી એકત્ર કરવામાં આવી છે.
- આ મ્યુઝિયમ તીન મૂર્તિ ભવનમાં નેહરૂ મેમોરિયલ મ્યુઝિયમની લાઈબ્રેરીની બાજુમાં 10,000 ચોરસ મીટર જમીન પર બનાવવામાં આવ્યું છે.
- આ મ્યુઝિયમમાં 43 ગેલેરીઓ હશે.
- આ મ્યુઝિયમની સામગ્રીઓ વર્ચ્યુઅલ રિયાલિટી, હોલોગ્રામ્સ, એગ્મેન્ટેડ રિયાલિટી, ઈન્ટરેક્ટિવ કિઓસ્ક, મલ્ટીમીડિયા, સ્માર્ટફોન એપ્લિકેશન્સ, કોમ્પ્યુટરાઈઝ્ડ કાઈનેટિક સ્કલ્પચર્સ, ઈન્ટરેક્ટિવ સ્ક્રીન વગેરેનો ઉપયોગ કરીને પ્રદર્શિત કરવામાં આવી રહી છે.
- આ અદ્યતન તકનીકોનો ઉપયોગ પ્રદર્શન સામગ્રીને આકર્ષક અને ઈન્ટરેક્ટિવ બનવા માટે સક્ષમ બનાવે છે.

## યુક્રેનની નેપ્ચ્યુન ક્રૂઝ મિસાઈલ (Neptune Cruise Missile)

તાજેતરમાં યુક્રેને દાવો કર્યો હતો કે તેમણે કાળા સમૂદ્રમાં તૈનાત રશિયન કાફલાના મુખ્ય જહાજ 'મોસ્કવા' પર નેપ્ચ્યુન એન્ટિ શિપ ક્રૂઝ મિસાઈલોથી હુમલો કરીને તેને નુકસાન પહોંચાડયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નેપ્ચ્યુન વિશે

<u>નેપ્ચ્યુન</u> એ <u>કોસ્ટલ એન્ટિ શિપ ક્રૂઝ મિસાઈલ</u> છે.

- આ મિસાઈલની મહત્તમ રેન્જ લગભગ <u>300 કિ.મી</u> છે.
- આ મિસાઈલ સિસ્ટમ <u>પરિવહન જહાજો</u> અને <u>યુદ્ધ જહાજો</u>ને નષ્ટ કરવા માટે વિકસાવવામાં આવી છે.
- છ વર્ષના પરીક્ષણ અને વિકાસના તબક્કાઓમાંથી પસાર થયા પછી માર્ચ 2021માં આ મિસાઈલ સિસ્ટમને યુક્રેનિયન સંરક્ષણ દળોમાં સામેલ કરવામાં આવી હતી.
- આ ક્રુઝ મિસાઈલ સેનાએ ઉતાવળમાં વિકસાવી હતી, કારણ કે વર્ષ <u>2014</u>માં ક્રીમિયા પર કબજાના બાદથી યુક્રેનના દરિયાકાંઠાના વિસ્તારો પર રશિયાનો ખતરો ઝડપથી વધી રહ્યો હતો.
- મિસાઈલની ડિઝાઈન રશિયન <u>KH-35</u> ક્રૂઝ મિસાઈલ પર આધારિત છે. જેને <u>NATO</u>ના <u>AS-20 Kayak</u>ના નામથી ઓળખવામાં આવે છે.

## મોસ્કવા

તે રશિયન નૌકાદળની માર્ગદર્શિત <u>મિસાઈલ ક્રુઝર</u> છે, જેનું નામ <u>મોસ્કો</u> શહેર પરથી રાખવામાં આવ્યું છે.

- ક્રૂઝર એ એક વિશાળ સપાટી યુદ્ધ જહાજ છે જે હાઈ સ્પીડ અને ઉચ્ચ ક્રુઝ ત્રિજયા માટે બાંધવામાં આવે છે.
- જે માત્ર તેના કાફલા અને દરિયાકિનારાને જ નહીં પરંતુ દુશ્મન રાષ્ટ્રોને પણ નિયંત્રિત કરવા સક્ષમ છે.
- મોસ્કવાને મૂળરૂપે વર્ષ <u>1983</u>માં સ્લાવા તરીકે સોંપવામાં આવ્યું હતું.
- તેને વર્ષ <u>2000</u>માં અપડેટેડ વેપન સિસ્ટમ અને ઈલેક્ટ્રોનિક્સ સાથે મોસ્કવા તરીકે ફરીથી કમિશન કરવામાં આવ્યું હતું.
- તે રશિયન નૌકાદળના બ્લેક સી ફ્લીટનું ફ્લેગશિપ છે અને તેમાં લગભગ 500 કર્મચારીઓનું દળ છે.


સામાન્ય વિજ્ઞાન

◆ વૈકલ્પિક પ્રશ્નોત્તરી સ્વરૂપે ◆

[ MCQ BOOSTER ]

પરીક્ષાલક્ષી મહત્ત્વના 1650+ MCQs

- PSI-ASI, કોન્સ્ટેબલ, બિનસચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
- આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
- જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વની, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ-અધાતુ, એસિડ-બેઇઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

**1.** 'વિશ્વ સંસ્કૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 એપ્રિલ (B) 15 એપ્રિલ

(C) 16 એપ્રિલ (D) 17 એપ્રિલ (B)

**2.** 'વિશ્વ કલા દિવસ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 એપ્રિલ (B) 15 એપ્રિલ

(C) 16 એપ્રિલ (D) 17 એપ્રિલ (B)

**3.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળે 'પ્રધાનમંત્રી સંગ્રહાલય'નું ઉદ્દઘાટન કર્યુ હતું ?

(A) અમૃતસર (B) મુંબઈ

(C) લખનૌ (D) દિલ્હી (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**4.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'નેપ્ચ્યુન ક્રૂઝ મિસાઈલ' કયા દેશની છે ?

(A) ઈરાન (B) યુક્રેન

(C) ઈઝરાયેલ (D) જાપાન (B)

**5.** મોસ્કવા કયા દેશની નૌકાદળનું માર્ગદર્શિત મિસાઈલ ક્રુઝર છે ?

(A) રશિયા (B) ચીન

(C) યુક્રેન (D) જાપાન (A)

દિવસ મહિમા : 16 એપ્રિલ, (1) વિશ્વ અવાજ દિવસ (World Voice Day)
(2) ચૈત્ર સુદ પૂનમ, શ્રી હનુમાન જયંતિ

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મોરબીમાં હનુમાનજી મહારાજની 108 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કર્યું

16 એપ્રિલ, 2022ના હનુમાન જયંતિના પાવન પ્રસંગે ગુજરાતના મોરબીમાં હનુમાનજી મહારાજની 108 ફૂટ ઊંચી પ્રતિમાનું વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યુ છે.

- દેશના ચારેય ખૂણે હનુમાનજી મહારાજની પ્રતિમા બનાવવાનો પ્રોજેક્ટ હાલ ચાલી રહ્યો છે.
- આ પ્રોજેક્ટ હેઠળ હનુમાનજીની પ્રથમ પ્રતિમા શિમલામાં 2010માં સ્થાપિત કરાઈ હતી.
- જ્યારે દક્ષિણમાં રામેશ્વરમમાં આવી જ એક પ્રતિમાનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.
- આ પ્રોજેક્ટના જ ભાગરૂપે મોરબીમાં હનુમાનજી મહારાજની પ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ પ્રતિમા મોરબીમાં બાપુ કેશવાનંદ આશ્રમમાં સ્થાપિત કરવામાં આવી છે.
- મોરબી શહેરના ભરતનગર પાસે ખોખરા હનુમાન હરિહર ધામ ખાતે સૌથી ઊંચી 108 ફૂટની હનુમાનજી મહારાજની મૂર્તિ સતત ત્રણ વર્ષની અથાગ મહેનત બાદ તૈયાર થઈ છે.
- આ મૂર્તિની વિશેષતા એ છે કે મૂર્તિમા 7 લાખ રામનું નામ લખેલી ચિઠ્ઠીઓનો સમાવેશ કરાયો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## e-DAR પોર્ટલ

તાજેતરમાં રોડ, ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયે 'e-DAR' (ઈ–વિગતવાર અકસ્માત અહેવાલ) નામનું પોર્ટલ વિકસાવ્યું છે.

- આ પોર્ટલ માર્ગ અકસ્માતોની ત્વરિત માહિતી પ્રદાન કરે છે અને અકસ્માત વળતરના દાવાઓના ઝડપી સમાધાનમાં મદદ કરે છે જેથી પીડિતોના પરિવારોને રાહત મળી શકે.
- માર્ગ સલામતી એ મુખ્ય વિકાસલક્ષી અને જાહેર આરોગ્યની ચિંતા છે, જે વિશ્વભરમાં મૃત્યુ અને ઈજાનું કારણ બને છે.
- ગ્લોબલ રોડ સેફટી સ્ટેટ્સ રિપોર્ટ મુજબ માર્ગ અકસ્માતો વૈશ્વિક સ્તરે 1.35 મિલિયનથી વધુ મૃત્યુનું કારણ બને છે, જેમાંથી 90%થી વધુ વિકાસશિલ દેશો અને 11% એકલા ભારતમાં છે.

## e-DARનો લાભ

### ઈન્ટિગ્રેટેડ ડેટાબેઝ

- <u>ડિજિટાઈઝ્ડ ડિટેઈલ્ડ એક્સીડેન્ટ રિપોર્ટ (DAR)</u> સરળતાથી એક્સેસ માટે પોર્ટલ પર અપલોડ કરવામાં આવશે.
- વેબ પોર્ટલ <u>ઈન્ટિગ્રેટેડ રોડ એક્સિડેન્ટ ડેટાબેઝ (iRAD)</u> સાથે લિંક કરવામાં આવશે.
- ઈન્ટિગ્રેટેડ રોડ એક્સિડેન્ટ ડેટાબેઝ (iRAD)ના <u>90%</u>થી વધુ ડેટાસેટ્સને એપ્લિકેશન દ્વારા 'e-DAR' પોર્ટલમાં સીધા જ એક્સેસ કરવામાં આવશે.
- પોલીસ, રોડ ઓથોરિટી, હોસ્પિટલ વગેરે જેવા હિતધારોકને 'e-DAR' ફોર્મ માટે બહુ ઓછી માહિતી દાખલ કરવાની જરૂર છે.
- આમ <u>'e-DAR'</u> પોર્ટલનું i RADનું એક્સ્ટશન અને ઈ–વર્ઝન હશે.

### બોગસ દાવાઓ સાથે વ્યવહાર

- DAR પોર્ટલ અકસ્માતમાં સામેલ વાહનો, અકસ્માતની તારીખ અને FIRની વ્યાપક શોધ કરીને બોગસ દાવા સામે તપાસ કરશે.

### ક્રોસ-પ્લેટફોર્મ લિંક

- વાહન અથવા ડ્રાઈવિંગ લાયસન્સની વિગતો મેળવવા અને વાહનોની નોંધણી માટે પોર્ટલ અન્ય પોર્ટલ સાથે લિંક કરવામાં આવશે.

### એક્સિડેન્ટ હોટસ્પોટ્સની ઓળખ

- એક્સિડેન્ટ હોટસ્પોટ્સની પણ ઓળખ કરવામાં આવશે જેથી કરીને આ હોટસ્પોટ્સ પર અકસ્માતો ટાળવા માટે ઉકેલો શોધી શકાય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




1. 'વિશ્વ અવાજ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 એપ્રિલ (B) 15 એપ્રિલ

(C) 16 એપ્રિલ (D) 17 એપ્રિલ (C)

2. ભારતમાં શ્રી હનુમાન જયંતિ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) ચૈત્ર વદ પૂનમ (B) ચૈત્ર સુદ પૂનમ

(C) ચૈત્ર વદ તેરસ (D) ચૈત્ર સુદ ચૌદસ (B)

3. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં કયા સ્થળે હનુમાનજી મહારાજની 108 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કર્યું છે ?

(A) મોરબી (B) પોરબંદર

(C) જૂનાગઢ (D) સાળંગપુર (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં રોડ, ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયે 'e-DAR' નામનું પોર્ટલ વિકસાવ્યું છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ પોર્ટલ માર્ગ અકસ્માતોની ત્વરિત માહિતી પ્રદાન કરે છે અને અકસ્માત વળતરના દાવાઓના ઝડપી સમાધાનમાં મદદ કરે છે.

(B) આ પોર્ટલ અકસ્માતમાં સામેલ વાહનો, અકસ્માતની તારીખ અને FIRની વ્યાપક શોધ કરીને બોગસ દાવા સામે તપાસ કરશે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

# ONE LINER

## ગુજરાત

➤ **ગુજરાત સરકારનો મહત્ત્વનો નિર્ણય : ધોરણ 6થી 12માં શ્રીમદ ભગવદ્ ગીતા ભણાવાશે**

ગુજરાતમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત ધોરણ 6થી 12માં શ્રીમદ ભગવદ્ ગીતા ભણાવવાની ભલામણ કર્યા બાદ રાજ્ય સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યના શિક્ષણ વિભાગે હવેથી ધોરણ 6થી 12ના અભ્યાસક્રમમાં શ્રીમદ ભગવદ્ ગીતાના પાઠ ભણાવવાનો નિર્ણય કર્યો છે. હવે શ્રીમદ ભગવદ્ ગીતાનો પણ અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવશે. આ અંગે રાજ્ય સરકારે ભલામણ કરી કે 2022-23ના શૈક્ષણિક વર્ષમાં 6થી 12ના વિદ્યાર્થીઓને શ્રીમદ ભગવદ્ ગીતાનો અભ્યાસ કરાવવામાં આવે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **'Expanding Heat Resilience' રિપોર્ટ**

Expanding Heat Resilience નામના એક રિપોર્ટ મુજબ ભારતના શહેરો અને જિલ્લાઓએ ઉનાળા દરમિયાન નબળા લોકોના રક્ષણ માટે તેમના પ્રયાસો વધારવા જોઈએ. ભારતીય હવામાન વિભાગ (IMD) અનુસાર આ અહેવાલ એવા સમયે બહાર પાડવામાં આવ્યો છે જ્યારે દેશમાં 1901 પછી સૌથી ગરમ માર્ચ તાજેતરમાં નોંધવામાં આવ્યો છે. માર્ચ 2022માં પશ્ચિમ અને મધ્ય ભારતના મોટા ભાગોમાં તાપમાન $40^0$C સુધી પહોંચી ગયું હતું. આ રિપોર્ટ અનુસાર દેશના શહેરો હીટ વેવની ઝપેટમાં છે. કેરળ અને હિમાચલ પ્રદેશમાં અતિશય તાપમાન નોંધાઈ રહ્યું છે. નોંધનીય છે કે આ રાજ્યોમાં હિટ વેવનો કોઈ ઈતિહાસ નથી. આ રિપોર્ટ નેચરલ રિસોર્સ ડિફેન્સ કાઉન્સિલ (NRDC) દ્વારા બહાર પાડવામાં આવ્યો છે આ રિપોર્ટ અનુસાર 2019માં હીટ વેવથી પ્રભાવિત રાજ્યોની સંખ્યા 28 હતી જ્યારે 2018માં તે 19 હતી.

➤ **વોટર કોન્કલેવ 2022**

ઈનલેન્ડ વોટરવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IWAI) દ્વારા 11 અને 12મી એપ્રિલ આસામના દિબ્રુગઢ ખાતે વોટરવેઝ કોન્કલેવ 2022નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્કલેવનો ઉદ્દેશય દેશના ઉત્તર–પૂર્વીય ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક જળમાર્ગ ઈકોસિસ્ટમની સંભવિતાનો ઉપયોગ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો હતો. આ કોન્કલેવના ઉદ્યોગ ભાગીદાર ફેડરેશન ઓફ ઈનિડયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI) હતા. આ કોન્ફરન્સનું ઉદ્દઘાટન બંદર, શિપિંગ અને જળમાર્ગ અને આયુષ મંત્રી સર્બાનંદ સોનવાલ દ્વારા કરવામાં આવ્યું હતું. PM ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાનની આકાંક્ષાઓને અનુરૂપ વોટર કોન્કલેવનો ઉદ્દેશ ઉત્તરપૂર્વીય પ્રદેશમાં આર્થિક પ્રવૃત્તિઓને ઉત્તેજિત કરવા અને રોજગારીનું સર્જન વધારવા માટે બહુવિધ પ્રોજેક્ટ્સનો ઝડપી વિકાસ કરવાનો છે.

➤ **સમાનતા દિવસ**

તમિલનાડુ રાજ્યએ 14 એપ્રિલ એટલે કે ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિને ‘સમાનતા દિવસ’ તરીકે ઉજવવાની જાહેરાત કરી છે. આ પ્રસંગે નિમિત્તે તમિલનાડુની તમામ કચેરીઓમાં શપથ લેવામાં આવ્યા હતા. આ શપથ જાતિ ભેદભાવ સામે લેવામાં આવ્યા હતા. ડો. બાબાસાહેબ આંબેડકરની કૃતિઓ પણ તમિલમાં અનુવાદિત અને પ્રકાશિત કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ભારત ઈજિપ્તને ઘઉં સપ્લાય કરશે**

યુક્રેન અને રશિયામાંથી ઘઉંના વિશ્વના સૌથી મોટા આયાતકાર ઈજિપ્તે ભારતને ઘઉંના સપ્લાયર્સમાંના એક તરીકે મંજૂરી આપી છે. ભારત લગભગ 10 લાખ ટન ઘઉંનો સપ્લાય કરશે, જેમાંથી 2,40,000 ટન એપ્રિલમાં સપ્લાય કરવામાં આવશે. નાણાકીય વર્ષ 2022-23માં રશિયા યુક્રેન કટોકટી પછી વૈશ્વિક માંગમાં વધારો થતાં ભારતે 10થી 11 મિલિયન ટન ઘઉંની નિકાસ કરવાનું લક્ષ્ય રાખ્યું છે.

## વિશ્વ

➤ **‘HD1’ ગેલેક્સિની શોધ**

તાજેતરમાં જાપાનના ખગોળશાસ્ત્રીઓએ 'HD1' નામની નવી ગેલેક્સિની શોધ કરી છે, જે અત્યાર સુધીની સૌથી દૂરનો અવકાશીય પદાર્થ હોવાનું માનવામાં આવે છે. વૈજ્ઞાનિકોના મતે તેની આશ્ચર્યજનક ચમક હાલમાં સમજાવવી મુશ્કેલ છે અને તેના કેન્દ્રમાં એક વિશાળ બ્લેક હોલ અથવા અત્યંત વિશાળ આદિમ તારાઓની રચનાને કારણે લગભગ 33.4 અબજ પ્રકાશવર્ષ દૂર સ્થિત છે, જે અત્યાર સુધી શોધવામાં આવેલ સૌથી દૂરની GN-Z11 નામની આકાશગંગાથી પણ દૂર છે. આ ગેલેક્સિ તેની અલ્ટ્રાવાયોલેટ તરંગલંબાઈને કારણે અપવાદરૂપ તેજસ્વી છે, જેનો અર્થ એ છે કે જે પણ તેનો પ્રકાશ ઉત્પન્ન કરે છે તે અત્યંત ગરમ છે.

➤ **GaoFen-3 03 : ચીનનો પૃથ્વી અવલોકન ઉપગ્રહ**

ચીને 7 એપ્રિલ, 2022ના રોજ એક નવો પૃથ્વી અવલોકન ઉપગ્રહ લોન્ચ કર્યો છે. આ સેટેલાઈટ ચીનના જમીન–સમુદ્ર રડાર સેટેલાઈટ સમૂહનો ભાગ બનશે. તે ચીનને તેના દરિયાઈ હિતોની રક્ષા કરવામાં મદદ કરવા માટે ઈમેજ કેપ્ચર કરશે. આ ઉપગ્રહને ગાઓફેન-3 03 નામ આપવામાં આવ્યું છે. ઉપગ્રહને આયોજિત ભ્રમણકક્ષામાં રહેલા ગાઓફેન-3 અને ગાઓફેન-3 02 ને જોડવામાં આવશે. આ ત્રણ ઉપગ્રહો જમીન સમુદ્ર રડાર ઉપગ્રહ નક્ષત્રની રચના કરશે અને સ્થિર, વિશ્વસનીય, સિન્થેટિક એપરચર રડાર (SAR) ઈમેજ કેપ્ચર કરશે.

➤ **પાકિસ્તાનના નવા વડાપ્રધાન : શાહબાઝ શરીફ**

ઈમરાન ખાનની સરકારના પતન બાદ પાકિસ્તાન મુસ્લિમ લીગ–નવાઝ (PML-N)ના પ્રમુખ શાહબાઝ શરીફ પાકિસ્તાનના વડાપ્રધાન બન્યા છે. તેઓ પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફના ભાઈ છે. પાકિસ્તાનમાં આવુ પ્રથમ વાર બન્યુ છે કે જ્યારે દેશના વડાપ્રધાન વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવ સફળ થયો હોય. નોંધનીય છે કે વર્ષ 2018માં ઈમરાન ખાન દેશના વડાપ્રધાન તરીકે ચૂંટાયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **2026ની કોમનવેલ્થ ગેમ્સ ઓસ્ટ્રેલિયામાં યોજાશે**

ઓસ્ટ્રેલિયાનું વિક્ટોરિયા રાજ્ય 2026ની કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરશે. મેલબોર્નની રાજધાની વિક્ટોરિયાને કોમનવેલ્થ ગેમ્સની યજમાનીનો અધિકાર મેળવવા માટે ખાસ સમયગાળો આપવામાં આવ્યો હતો. વર્ષ 2018માં ઓસ્ટ્રેલિયાએ ગોલ્ડ કોસ્ટ પર આ ગેમ્સનું આયોજન કર્યુ હતું. નોંધનીય છે કે ઈંગ્લેન્ડનું બર્મિંગહામ વર્ષ 2022ના કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરશે.

➤ **લેસર મિસાઈલ સંરક્ષણ પ્રણાલી**

ઈઝરાયેલે તાજેતરમાં મિસાઈલ સંરક્ષણ પ્રણાલીનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ હતું. જેમણે મોર્ટાર, રોકેટ અને ટેન્ક વિરોધી મિસાઈલોને અટકાવી છે. 'આયર્ન બીમ' તરીકે ઓળખાતી ઈઝરાયેલ નિર્મિત લેસર સિસ્ટમ વધુ ખર્ચાળ રોકેટ–ઈન્ટરસેપ્ટ સહિત હવાઈ સરંક્ષણ પ્રણાલીઓની શ્રેણીને પૂરક બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. આ લેસર સિસ્ટમ જમીન પર, હવામાં અને સમુદ્રમાં તૈનાત કરી શકાય છે.

## ICE ? Questions

- તાજેતરમાં કયા રાજ્યએ ધોરણ 6થી 12માં શ્રીમદ ભગવદ ગીતા ભણાવવાનું નક્કી કર્યું છે ? – ગુજરાત
- HD1 શું છે ? – નવી શોધાયેલી ગેલેક્સિ
- GaoFen-3 03 એ કયા દેશનો પૃથ્વી અવલોકન ઉપગ્રહ છે ? – ચીન
- પાકિસ્તાનના નવા વડાપ્રધાનનું નામ જણાવો ? – શાહબાઝ શરીફ
- Expanding Heat Resilience નામના એક રિપોર્ટ અનુસાર કયા બે રાજ્યોમાં વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે ? – કેરળ અને હિમાચલ પ્રદેશ
- 2026ની કોમનવેલ્થ ગેમ્સ કયા દેશમાં યોજાશે ? – ઓસ્ટ્રેલિયા
- કયા સ્થળે તાજેતરમાં વોટર કોન્કલેવ 2022નું આયોજન કરવામાં આવ્યું હતું ? – દિબ્રુગઢ, આસામ
- તાજેતરમાં કયા રાજ્યએ ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિને 'સમાનતા દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરી છે ? – તમિલનાડુ
- કયા દેશે તાજેતરમાં લેસર મિસાઈલ સંરક્ષણ પ્રણાલીનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હતું ? – ઈઝરાયેલ
- ભારત ઈજિપ્તને કેટલા લાખ ટન ઘઉં સપ્લાય કરશે ? – 10 લાખ ટન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# Question Of this Week

1. આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB PM-JAY)ના અમલીકરણ માટે નોડલ એજન્સી કઈ છે ? – નેશનલ હેલ્થ ઓથોરિટી

(રાષ્ટ્રીય સ્તરે PM-JAYને લાગુ કરવા માટે નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA)ની સ્થાપના કરવામાં આવી હતી. નેશનલ હેલ્થ ઓથોરિટીએ તાજેતરમાં PM-JAY હેઠળ હેલ્થ લાભ પેકેજ 2022નું નવું વર્ઝન લોન્ચ કર્યુ છે. તેણે આ ઉમેરેલી યોજનામાં 365 નવી પ્રક્રિયાઓ ઉમેરી છે.)

2. કઈ સંસ્થાએ તાજેતરમાં 'અવસર' (AVSAR) યોજના શરૂ કરી છે ? – એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા

3. કયુ શહેર ચોથી ભારત–યુએસ 2+2 મંત્રી સ્તરીય સંવાદનું યજમાન છે ? – વોશિંગ્ટન ડીસી

4. વિશ્વમાં કયો દેશ સોનાનો સૌથી વધુ વપરાશકાર છે ? – ચીન

(ચીન પછી ભારત વિશ્વમાં સોનાનો બીજો સૌથી મોટો ગ્રાહક છે. ઊંચી માંગને કારણે 2021-22 નાણાકીય વર્ષ દરમિયાન ભારતની સોનાની આયાત 33.34%થી વધીને 46.14 અબજ થઈ હતી. ગયા નાણાકીય વર્ષમાં સોનાની આયાત રૂ. 34.62 અબજ હતી.)

5. 2024 ICC મેન્સ T-20 વર્લ્ડ કપ કયા સ્થળે યોજાશે ? – વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકા

(ICC 2024માં રમનારા T-20 વર્લ્ડ કપ માટે અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝની ટીમે યજમાન હોવાને કારણે સીધુ ક્વોલીફાય કર્યુ છે. પ્રથમ વખત ગ્લોબલ ટૂર્નામેન્ટમાં 20 ટીમોને સ્થાન આપવામાં આવ્યું છે. નોંધનીય છે કે 2022નો T-20 વર્લ્ડ કપ ઓસ્ટ્રેલિયામાં યોજાશે)

6. 'નડાબેટ સીમા દર્શન યોજના' (Nadabet Seema Darshan Project)નું ઉદ્દઘાટન કયા રાજ્યમાં કરવામાં આવ્યું છે ? – ગુજરાત

(સીમાદર્શન યોજનાના ભાગરૂપે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાતના નડાબેટમાં સરહદ જોવા માટેના કેન્દ્રનું ઉદ્દઘાટન કર્યુ છે. આ સ્થળને ગુજરાતના વાઘાબોર્ડર તરીકે પણ ઓળખવામાં આવે છે.)

7. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં મેગાલિથિક પથ્થરની બરણી (Megalithic Stone Jars) મળી આવી છે ? – આસામ

8. નાણાકીય વર્ષ 2021-22માં ભારતમાં એસેટ મોનેટાઈઝેશનમાંથી કુલ આવક અને રોકાણની રકમ કેટલી છે ? – રૂ. 96,000 કરોડ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. ભારતે કયા દેશ સાથે 'શિક્ષણ અને કૌશલ્ય વિકાસ કાર્યકારી જૂથ' સ્થાપવાનું નક્કી કર્યું છે ? – અમેરિકા

(ભારત અને અમેરિકાએ એક નવુ 'ઈન્ડિયા–યુએસ એજ્યુકેશન એન્ડ સ્કિલ્સ ડેવલપમેન્ટ વર્કિંગ ગ્રુપ' સ્થાપવાનું નક્કી કર્યુ છે. તેનો હેતુ સંયુક્ત સહયોગ દ્વારા શિક્ષણ અને કૌશલ્ય વિકાસના ક્ષેત્રમાં સહકારને વધુ મજબૂત કરવાનો છે.)

10. 'સ્વનિધિ સે સમૃદ્ધિ' કાર્યક્રમ કયા કેન્દ્રીય મંત્રાલયની પહેલ છે ? – આવાસ અને શહેરી બાબતોનું મંત્રાલય

(કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે 14 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 126 વધારાના શહેરોમાં 'સ્વનિધિ સે સમૃદ્ધિ' કાર્યક્રમ શરૂ કર્યો છે. સ્વનિધિ સે સમૃદ્ધિ'નો વધારાનો કાર્યક્રમ ગયા વર્ષે પ્રથમ તબક્કા હેઠળ 125 શહેરોમાં શરૂ કરવામાં આવ્યો હતો, જેમાં લગભગ 35 લાખ શેરી વિક્રેતાઓ અને તેમના પરિવારોને આવરી લેવામાં આવ્યા હતા.)

11. કુષ્ઠ રોગ માટે આંતરરાષ્ટ્રીય ગાંધી પુરસ્કાર 2021થી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ? – ડૉ. ભૂષણ કુમાર

12. વિશ્વ બેંકના એપ્રિલ અપડેટ મુજબ નાણાકીય વર્ષ 2022-23 માટે ભારતનું GDP અનુમાન શું છે ? – 8.0%

13. વિશ્વ ચાગાસ દિવસ (World Chagas Day) તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી ?

– 14 એપ્રિલ

14. કયા દિવસને હિમાચલ પ્રદેશમાં 'હિમાચલ દિવસ' તરીકે ઉજવણી કરવામાં આવે છે ? – 15 એપ્રિલ

15. તાજેતરમાં કયા દેશ અને સોલોમન ટાપુઓ વચ્ચે સુરક્ષા કરાર થયો હતો ? – ચીન

16. ભારતમાં શ્રી મહાવીર જયંતી તરીકે કયો દિવસ ઉજવાય છે ? – ચૈત્ર સુદ તેરસ

17. LPAનો અર્થ શું છે જેના આધારે ભારતીય હવામાન વિભાગ (IMD) ચોમાસાની આગાહી કરે છે ?

– લાંબાગાળાની સરેરાશ (Long Period average)

18. PLI યોજના હેઠળ કેન્દ્ર કેટલા વર્ષો માટે ઉત્પાદન માટે નાણાકીય સહાય પૂરી પાડે છે ? – 5 વર્ષ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ**




**આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.**

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT